પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૮૪ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૭-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અમદાવાદ જિલ્લામાં લઠ્ઠાકાંડથી ૩૬ લોકોનાં મૃત્યુથી હાહાકાર : ૩૨ લોકો હજુ હોસ્પિટલમાં સારવાર હેઠળ

## બરવાળાના મૃતકોને એક સાથે પાંચ લોકોને અગ્નિદાહ અપાતા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે



અમદાવાદ,

બરવાળાના લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ધીરે ધીરે વધી રહ્યો છે. લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક વધીને ૩૬ પર પહોંચ્યો છે. લોકોનાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુ થયા થયા છે. હાલ બોટાદ, અમદાવાદ, ભાવનગરની વિવિધ હોસ્પિટલમાં દર્દીઓ લઠ્ઠાકાંડના દર્દીઓ દાખલ છે. હજુ પણ મૃત્યુઆંક વધી શકે છે.

બોટાદના બરવાળાનું રોજિદ ગામ લઠ્ઠાકાંડનુ મુખ્ય સેન્ટર હતું. મૃતકોમાં સૌથી વધુ બરવાળાના હોવાથી અહીં ચારેતરફ દર્દનાક માહોલ જોવા મળી રહ્યો છે. કોઈએ પિતા, તો કોઈએ પુત્ર, તો કોઈએ પતિ ગુમાવ્યો. ત્યારે આજે બરવાળાના મૃતકોને આજે અગ્નિદાહ અપાતા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. રોજિદ ગામમાં હાલ ઝેરી કેમિકલ પીને મોતથી ભેટનારા મૃતદેહોને લાવવામાં આવ્યા હતાં રોજિંદ ગામનો મૃત્યુ આંક ૯ પર પહોંચ્યો છે. હાલ ૫ મૃતદેહોને એકસાથે અગ્નિદાહ અપાયો હતો ટ્રેક્ટરમાં એકસાથે ૫ મૃતદેહોની અંતિમયાત્રા નીકળી હતી આ સમયે આક્રંદથી સમગ્ર ગામ દ્રવી ઉઠ્યું છે. હજી પણ અનેક મૃતદેહો સ્મશાન ભૂમિ પર આવશે.

બોટાદ જીલ્લાના બરવાળા તાલુકાના રોજીદ અને આજુબાજુના ગામોમાં ઝેરી દારૂ પીવાની ઘટનાએ રાજ્યભરમાં ભારે ચકચાર જગાવી છે. આ બનાવમાં ભોગ બનેલા પૈકી હાલ ૩૨ લોકોને વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. હજુ પણ બોટાદ અને ધંધુકા પંથકમાંથી સારવાર માટે ભાવનગર લાવવામાં આવી રહ્યા છે. જ્યારે મોતનો આંક હજુ પણ વધે તેવી પૂરી શકયતા છે.

બોટાદ જીલ્લાના રોજીદ-ચંદરવા-દેવગણા સહિતના ગામો અને ધંધુકા પંથકના અણીયાળી, ઉચડી, આકરું સહિતના અન્ય ગામોમાં ઝેરી દારૂ પીવાથી અનેક લોકોની તબિયત લથડી હતી. આ બનાવના પગલે ભોગ બનનાર લોકોને તાકીદે સારવાર માટે બોટાદ અને ધંધુકા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે સાંજના સુમારે અનેક લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી.હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને રાત્રિના ૧ વાગ્યા સુધીમાં ૩૮ લોકોને અહી લાવવામાં આવ્યા હતા.

બોટાદમાં ઝેરી દારૂકાંડ મામલે આરોગ્ય ટીમ એક્શનમાં આવી છે. રોજીદ ગામમાં હજી અન્ય કેટલા લોકો ઝેરી દારુની અસરમાં આવ્યા છે, તેની આરોગ્યની ટીમે તપાસમાં ગોઠવાઈ છે. ગત રોજ નશો કરેલા હોય તેવી વ્યક્તિઓને શોધવામાં આવી રહ્યાં છે.

બરવાળાના રોજીદ ગામે સર્જાયેલા લઠ્ઠાકાંડમાં ૨૭ લોકોના મોત બાદ પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ પહેલુ એક્શન લીધુ છે. વાયરલ ઓડિયો ક્લિપમાં જે મહિલા એએસઆઈનો રોલ સામે આવ્યો છે તેની બદલી કરવાના આદેશ છૂટ્યા છે. મહિલા ASI આસમીબાનુ ઝડકીલાની હેડ ક્વાર્ટરમાં બદલી કરાઈ છે. મહિલા ASI ની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જેમાં તેની લઠ્ઠાકાંડના હપ્તામાં સંડોવણી ખૂલી છે.

બરવાળાના લઠ્ઠાકાંડ મામલે એક પછી એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યાં છે. જેમાં જે દારૂ પીવાયો હતો તેમાં ૮૦ ટકા કેમિકલ હોવાનો ખુલાસો થયો છે. ઝેરી દારૂ અંગે એફએસએલએ ગૃહ વિભાગમાં રિપોર્ટ રજૂ કર્યો છે. જેથી સાબિત થયુ છે કે, મૃતકોએ દારૂ નહિ પણ સીધેસીધુ કેમિકલ જ પીધુ હતું. જે મિથેનોલ કેમિકલ ૨૭ લોકોના મોતનો સામાન બન્યો તે ખરીદવામાં નહિ, પણ ચોરવામાં આવ્યુ હતું. ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં આવેલા આરોપી જયેશે ૨૦૦ લિટર કેમિકલથી ભરેલા કન્ટેનરમાંથી થોડા પ્રમાણમાં મિથાઈલ કેમિકલ ચોર્યુ હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. જયેશ ૨૦૦ લીટર કેમિકલના ૬૦,૦૦૦ આપ્યા હતા. તો બીજી તરફ, લઠ્ઠાકાંડ મામલે મુખ્યમંત્રીએ રાજ્યના પોલીસ વડા સાથે વાતચીત કરી છે. તાત્કાલિક ધોરણે તપાસ તથા રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. તેમજ અસર ગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે એ માટે પણ તંત્રને સૂચના અપાઈ છે.

ગુજરાત પોલીસનો દાવો કે માર્યા ગયેલા લોકોએ દારૂ નહિ પરંતુ સીધું જ કેમિકલ પીધું હતું. સંજય પિન્ટુ અને તેના સાગરીતો દારૂની કોથળીઓના બદલામાં સીધું જ કેમિકલ લોકોને વેચી દીધુ હોવાનું સામે આવ્યુ છે. જે તેમના મોતનું કારણ બન્યુ હતું. આમ, મૃતકોએ દારૂ નહીં સીધું કેમિકલ પીધું હતું. દારૂની કોથળીના બદલામાં આરોપીઓ કેમિકલ વેચતા હતા. સંજય, પિન્ટુ અને તેના સાગરીતોએ લોકોને દારૂના બદલામાં કેમિકલ વેંચ્યુ હતું. આ સાથે જ મુખ્ય આરોપી જયેશે કેમિકલ ચોર્યુ હોવાનો ખુલાસો પોલીસ પુછપરછમાં કર્યો છે.

# મોંઘવારી, બેરોજગારીનો મુદ્દો ઉઠાવતા રાજ્યસભાના ૧૯ સાંસદ અઠવાડિયા માટે સસ્પેન્ડ

સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. મોંઘવારી, બેરોજગારી, જીએસટી અને તપાસ એજન્સીઓની કાર્યવાહી મુદ્દે વિપક્ષનો સતત હંગામો ચાલુ છે. હંગામાના પગલે રાજ્યસભાના ૧૯ સભ્યોને સદનમાંથી એક અઠવાડિયા માટે સસ્પેન્ડ કરી દેવાયા છે. આ અગાઉ સોમવારે કોંગ્રેસના ચાર સાંસદોને સસ્પેન્ડ કરાયા હતા.

સદનમાં ગેરવર્તણૂંક કરવા બદલ રાજ્યસભામાંથી વિપક્ષના ૧૯ સાંસદોને રાજ્યસભામાંથી અઠવાડિયા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં ટીએમસીના સુષ્મિતા દેવ, મૌસમ નૂર, શાંતા છેત્રી, ડો. શાંતનુ સેન, અભી રંજન બિસ્વાર, મોહમ્મદ નદીમુલ હક, ડીએમકેના એમ હમામેદ અબ્દુલ્લા, ટીઆરએસના બી. લિંગા યાદવ, સીપીઆઈ(એમ)ના એ.એ રહિમ, ટીઆરએસ રવિહન્દ્રા વદીરાજુ, ડીએમકેના એસ કલ્યાણસુંદરમ, ડીએમકેના આર ગિરિરાજન, ડીએમકેના એન આર ઈલાંગો, સીપીઆઈ(એમ)ના ડો.વી શિવસુંદરન, ડીએમકેના એમ શાંનમુગમ, ટીઆરએસના દામોદર રાવ દિવકોન્ડા, સીપીઆઈના સંતોષકુમાર પી અને ડીએમકેના ડો.કનીમોઝી એનવીએન સોમુ સામેલ છે.

પ્રશ્નકાળ દરમિયાન રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ ખુબ હંગામો કર્યો. ઉપસભાપતિ હરિવંશે વિપક્ષી સાંસદો દ્વારા બેનરો લહેરાવવા બદલ ખુબ નારાજગી પણ વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આ સદનની ગરિમા વિરુદ્ધ છે. વિપક્ષના સંસદો અલગ અલગ મુદ્દાઓ પર વિરોધ જતાવી રહ્યા હતા અને વેલમાં પહોંચી ગયા હતા. વારંવાર આગ્રહ કરવા છતાં વિપક્ષી સભ્યો પોતાની સીટ પર ગયા નહીં. વિપક્ષના સાંસદો સરકાર પર નિશાન સાધી રહ્યા હતા. ઉપસભાપતિ સભ્યોને પ્રશ્નકાળ સંચાલિત કરવા દેવાની અપીલ કરતા રહ્યા પરંતુ સભ્યો માન્યા નહીં.

### એકનાથ શિંદે પર ઉદ્ધવ ઠાકરેના આકરા પ્રહાર

# આ તો તે સંતાન છે જેણે રાજકારણમાં જન્મ આપ્યો તેને જ મારી નાખે છે



મુંબઈ,

આ તો તે સંતાન છે જેણે રાજકારણમાં જન્મ આપ્યો તેને જ મારી નાખે છે. વિશ્વાસઘાતી માતાને જ મારવા નીકળી પડે છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે વિશે આ વાત કહી છે.

શિવસેનાના મુખપત્ર સામનામાં આપેલા ઈન્ટરવ્યૂમાં ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદે પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યુ કે વફાદારી તે વસ્તુ છે, જેને વેચી ના શકાય. પરંતુ આવુ જ કરવામાં આવી રહ્યુ છે. એટલુ જ નહીં ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદેને પડકાર આપ્યો છે કે જો તેઓ પોતાના દમ પર રાજનીતિ કરવા ઈચ્છે છે તો પછી બાલાસાહેબ ઠાકરેના નામનો ઉપયોગ કેમ કરી રહ્યા છે.

એકનાથ શિંદેને પડકાર આપતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ, મારા પિતાની તસવીર પોસ્ટ ના કરો અને તેમના નામે વોટ ના માગો. ભાજપ કેમ બાલાસાહેબ ઠાકરેનુ નામ લઈ રહી છે. ભાજપ શિવસેનાને જ ખતમ કરવા ઈચ્છે છે, તેમનો પ્રયત્ન છે કે શિવસૈનિક અંદરોઅંદર લડે અને તેમાં બાલાસાહેબના નામને લઈને ભ્રમ પેદા થઈ જાય. ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ કે હુ મલાઈ ખાનારો મુખ્યમંત્રી નહોતો. મે પોતે કોઈ મોટુ મંત્રાલય લીધુ નહોતુ. એ મારી ભૂલ હતી કે અમુક લોકોને મે પરિવાર સમજીને આગળ વધાર્યા.

જો એકનાથ શિંદેને સીએમ બનાવત તો બીજો કંઈક નવો મુદ્દો ઉભો થાત. આમની તો રાક્ષસી પ્રવૃતિ છે. લાલચ જ ખતમ થઈ રહી નથી. સીએમ બન્યા બાદ તેમને હવે શિવસેના પ્રમુખનુ પદ પણ મેળવવાની લાલચ છે. હાલ જે ચાલી રહ્યુ છે, તે રાક્ષસી મહત્વાકાંક્ષા છે. મહા વિકાસ અઘાડીના કામથી લોકો ખૂબ ખુશ હતા. મારા કામના કારણે જ મને દેશના ટોપ ૫ મુખ્યમંત્રીઓમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ઈન્ટરવ્યુ દરમિયાન ઉદ્ધવ ઠાકરે પોતાની તબિયતનો ઉલ્લેખ કરતા ભાવુક થઈ ગયા. તેમણે કહ્યુ કે સત્તા બદલવાની રમત તે સમયે ચાલી રહી હતી, જ્યારે હુ બીમાર હતો અને ઉભો પણ નહોતો રહી શકતો. શિવસેના એક વૃક્ષની જેમ છે, જેના સડેલા પાન હવે ખરી રહ્યા છે. અમુક દિવસોમાં ફરીથી નવા પાન આવશે. શિવસૈનિક અમારી સાથે છે અને તેમના આશીર્વાદ મળી રહ્યા છે.

ભાજપ પર પણ નિશાન સાધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ કે તેણે ૨૦૧૯ની વાતચીત અનુસાર નિર્ણય કર્યો છે. તેમણે કહ્યુ કે જો ભાજપે પહેલા જ આવુ કર્યુ હોય તો ધારાસભ્યોને પ્રવાસ કરાવવાની કોઈ જરૂર ના પડત. હજારો કરોડ ખર્ચ કરવાનો સમય ના આવત. બીજેપીને અઢી વર્ષ માટે મુખ્યમંત્રીનુ પદ મળત. ભાજપ હિંદુસ્ત સાથે ભાગીદારી ઈચ્છશે નહીં. મે પોતાની સરકારમાં હિંદુત્વ માટે જ કામ કર્યુ. અમે અયોધ્યામાં મહારાષ્ટ્ર ભવન બનાવ્યુ છે. નવી મુંબઈમાં તિરુપતિ મંદિર માટે જમીન આપવામાં આવી. પ્રાચીન મંદિરોનો વિકાસ કર્યો.

# ચૂંટણીમાં 'રેવડી' વહેંચવા પર સુપ્રીમ કડક, રાજકીય પક્ષોને રોકવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે પણ ચૂંટણીમાં 'ફ્રી કી રેવડી' વહેંચવાના વધતા જતા વલણ પર કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકારને આ મામલે રાજકીય પક્ષોને રોકવાનો ઉકેલ શોધવાનો નિર્દેશ આપ્યો છે. આ મામલે હવે આગામી સુનાવણી ૩ ઓગસ્ટે થશે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે કે જે રાજકીય પક્ષો ચૂંટણી દરમિયાન 'અતાર્કિક રાવડીઓ' વહેંચવાનું વચન આપે છે, તેમની નોંધણી રદ કરવી જોઈએ અને તેમના ચૂંટણી પ્રતીકને જપ્ત કરવામાં આવે. નોંધનીય છે કે તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ 'ફ્રી કી રેવડી' પર ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ચૂંટણી દરમિયાન 'ફ્રી રેવડી'નું વિતરણ કરવાનું વચન આપતા રાજકીય પક્ષોને રોકવા માટે ઉકેલ શોધવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટ આ મામલે વધુ સુનાવણી ૩ ઓગસ્ટે કરશે. સુપ્રીમ કોર્ટ આ મામલે એક અરજી પર સુનાવણી કરી રહી છે, જેમાં માંગ કરવામાં આવી છે કે ચૂંટણી દરમિયાન આવા "અતાર્કિક વચનો" આપનારા રાજકીય પક્ષોના ચૂંટણી ચિન્હો જપ્ત કરવામાં આવે અથવા તેમની નોંધણી રદ કરવામાં આવે. આ મામલે ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમનાની અધ્યક્ષતાવાળી બેન્ચે ૨૫ જાન્યુઆરીએ જ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નોટિસ પાઠવી હતી. આ પીઆઈએલ ભાજપના નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવી હતી અને આવા વચનો આપનાર રાજકીય પક્ષો સામે કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

સંત. તાલુકા ખ.વે. સંઘ લી.


તરફથી અભીનંદન....

મુ. માલવણ,

તા. કડાણા,

જી. મહીસાગર

# અત્યાર સુધીમાં ૨.૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કર્યા બાબા બર્ફાનીના દર્શન




જમ્મુ,

જમ્મુ બેઝ કેમ્પમાંથી ૩૮સોથી વધુ શ્રદ્ધાળુઓની ૨૫મી બેચ સોમવારે પહેલગામ અને બાલટાલ બેઝ કેમ્પથી દક્ષિણ કાશ્મીરમાં અમરનાથ ગુફાના દર્શન કરવા માટે રવાના થઈ હતી. અત્યાર સુધીમાં ૨.૨૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં બનેલા બરફના શિવલિંગના દર્શન કર્યા છે.

અધિકારીઓએ આ માહિતી આપી. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની કડક સુરક્ષા વચ્ચે સોમવારે કુલ ૩,૮૬૨ શ્રદ્ધાળુઓ ૧૨૫ વાહનોના કાફલામાં ભગવતી નગર યાત્રી નિવાસથી નીકળ્યા હતા, અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે પહેલા ૪૬ વાહનોમાં ૧,૮૩૫ તીર્થયાત્રીઓ ભગવતી નગર કેમ્પથી બાલતાલ માટે રવાના થયા હતા અને ત્યારબાદ ૭૯ વાહનોમાં ૨,૦૨૭ મુસાફરો પહેલગામ જવા રવાના થયા હતા.

ઉલ્લેખનીય છે કે ખરાબ હવામાન ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણેને આ વર્ષે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. હવામાન યોગ્ય થતાં યાત્રા ફરી ચાલુ કરવામાં આવી છે. ભારે ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનામાં આશરે ૧૬ જેટલા લોકોના મોત થયા હતા.

# ED દ્વારા સોનિયા ગાંધીની પૂછપરછનો વિરોધ કરતા રાહુલ ગાંધી સહિત કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરોની અટકાયત



નવીદિલ્હી,

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પૂછપરછ કરવામાં આવી હતી જો કે આ પૂછપરછ સામે કોંગ્રેસે દેશભરમાં પ્રદર્શન કર્યુ હતું દિલ્હીમાં વિજય ચોક પાસે પાર્ટીના સાંસદો સાથે રાહુલ ગાંધી ધરણા પર બેઠા હતા, ત્યારબાદ દિલ્હી પોલીસે રાહુલની અટકાયત કરી હતી.આ ઉપરાંત અનેક વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોને અટકાવ્યા હતા. આ બાબતે સચિન પાયલટે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે આ અવાજ દબાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે અને કેન્દ્રીય એજન્સી દ્વારા નેતાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.રાષ્ટ્રપતિ ભવન જતા રોકવામાં આવતા રાહુલ ગાંધી વિજય ચોક પાસે ધરણા પર બેસી ગયા હતા.કોંગ્રેસીઓએ રાષ્ટ્રપતિ ભવનમાં જતા રોક્યા હતાં આથી તેઓ ધરણા પર બેસી ગયા હતાં પોલીસે રાહુલ ઉપરાંત કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ, શક્તિ સિંહ ગોહિલ સહિત અનેક સાંસદોની અટકાયત કરી હતી કોંગ્રેસના આ તમામ સાંસદો વિરોધ માર્ચ કરતા સંસદથી રાષ્ટ્રપતિ ભવન તરફ જઈ રહ્યા હતા.આ તરફ સોનિયાની ઈડીની પૂછપરછ વચ્ચે કોંગ્રેસ હેડક્વાર્ટર અને ૧૦ જનપથની બહાર સુરક્ષા દળોના જવાનોને તહેનાત કરવામાં આવ્યા હતાં કોંગ્રેસના મહાસચિવ અજય માકને આરોપ લગાવ્યો હતો કે દિલ્હી પોલીસ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને રાજઘાટ જવાની પણ મંજૂરી આપી રહી નથી.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે સરમુખત્યારશાહી જુઓ. દેશમાં શાંતિપૂર્ણ પ્રદર્શન થઈ શકે નહીં. મોંઘવારી અને બેરોજગારીની ચર્ચા થઈ શકે નહીં. પોલીસ અને એજન્સીઓનો દુરુપયોગ કરીને, અમારી ધરપકડ કરીને પણ તમે અમને ક્યારેય ચૂપ કરી શકશો નહીં. સત્ય આ સરમુખત્યારશાહીનો અંત લાવશે.

કોંગ્રેસ પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરીએ સંસદ ભવન પાસે વિરોધ માર્ચ કાઢી હતી. તેમણે સોનિયા ગાંધીની તસવીર લઈને વિરોધ કર્યો અને કહ્યું કે કેન્દ્ર સરકાર લોકશાહીની હત્યા કરી રહી છે.

કોંગ્રેસના નેતા સચિન પાયલોટે કહ્યું કે લોકશાહીમાં વિરોધ કરવાનો, પોતાનો દૃષ્ટિકોણ વ્યકત કરવાનો અધિકાર છે. તેમણે કહ્યું કે ભાજપ તેનો અધિકાર પણ છીનવી રહી છે. તે જ સમયે કન્નુરમાં કેટલાક કોંગ્રેસીઓએ ટ્રેન રોકી હતી. આ દરમિયાન પોલીસ સાથે કોંગ્રેસના કાર્યકરોની ઘર્ષણ પણ થયું હતું.નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સોનિયા ગાંધીની પૂછપરછનો બિહારમાં પણ વિરોધ થયો હતો. કોંગ્રેસના નેતાઓએ પટનામાં એકતા દર્શાવી હતી અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન રાજ્યના મોટાભાગના કોંગ્રેસના નેતાઓ ત્યાં હાજર હતા. દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ કાળા ફુગ્ગા પણ ઉડાવ્યા હતા. કાર્યકરોએ હવામાં કેટલાક પ્લેકાર્ડ પણ લહેરાવ્યા હતા જેમાં લખ્યું હતું કે ભાજપ સત્યથી ડરે છે. ઈડી તરફ દોરી જાય છે.

દિલ્હી પોલીસે રાહુલની વિજય ચોક ખાતે અટકાયત કરી હતી, રાહુલને બસ દ્વારા પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતાં કસ્ટડીમાં લેવાતા પહેલા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અહીં (વિજય ચોક પર) કોંગ્રેસના તમામ સાંસદો આવ્યા હતા. તેમણે બેરોજગારી અને મોંઘવારી જેવા મુદ્દાઓ પર વાત કરી. પરંતુ પોલીસ દ્વારા અમને અહીં બેસવા દેવામાં ન આવ્યા. સંસદની અંદર ચર્ચા કરવાની મંજૂરી નથી અને અહીં પોલીસ અમારી ધરપકડ કરી રહી છે.

કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'આ મોદીજી અને અમિત શાહજીનું કાવતરું છે કે વિપક્ષને ખતમ કરવા અને અમારો અવાજ બંધ કરાવો છે. અમે આનાથી ડરતા નથી. અમે લડતા રહીશું.' દિલ્હી પોલીસે મલ્લિકાર્જુન ખડગેને પણ કસ્ટડીમાં લીધા છે. કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડ્ડાએ કહ્યું, 'અમે માગ કરી હતી કે સંસદમાં બેરોજગારી, મોંઘવારી, અગ્નિપથ યોજના અને સરકારી એજન્સીઓના દુરુપયોગ પર ચર્ચા થવી જોઈએ. પરંતુ સરકારે તેનો અસ્વીકાર કર્યો. અમે તેમને કહ્યું કે અમે રાજઘાટ પર તેનો વિરોધ કરીશું. પરંતુ અમને તે પણ મંજૂરી આપવામાં આવી ન હતી. અમે કહ્યું હતું કે અમે રાષ્ટ્રપતિને મેમોરેન્ડમ આપીશું. પરંતુ આની પણ તેમણે મંજૂરી આપી ન હતી. 'લોકતંત્રમાં પ્રદર્શન કરવું, પોતાની વાત વ્યક્ત કરવાનો દરેકને અધિકાર છે.' તેમણે કહ્યું કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે તે એજન્સીનો દુરપયોગ કરીને વિપક્ષના અવાજને દબાવવા અને કોંગ્રેસના નેતાઓને ટાર્ગેટ કરશે. અમને પૂછપરછથી ડર નથી. કેસમાં કોઈ દમ નથી. દરેક વાતનો સતત જવાબ આપવામાં આવી રહ્યો છે. પરંતુ સરકારી એજન્સીનો દુરુપયોગ થઈ રહ્યો છે.

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના સમર્થનમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો દિલ્હીમાં એકઠા થયા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્રની ભાજપ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમની ધરપકડ કરવામાં પોલીસ અને સુરક્ષા દળોએ ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડી દ્વારા સોનિયા ગાંધીની પૂછપરછના વિરોધમાં કોંગ્રેસે દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યુ. આ દરમિયાન યુથ કોંગ્રેસના નેતા બીવી શ્રીનિવાસની પણ અટકાયત કરવામાં આવી છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ભાજપની તાનાશાહીનો અંત નજીક છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કાન્તાબેન માનસિંગભાઈ નળવાયા

તરફથી અભીનંદન....

મુ. બુરાફળિયું-ગાંગરડી ફળિયા, તા. ધાનપુર,

જી. દાહોદ

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
**પંચમહાલ સમાચાર**

# લુણાવાડા ખાતે ઉજ્વલ ભારત, ઉજ્જવળ ભવિષ્ય અંતર્ગત વીજળી મહોત્સવ યોજાયો

લુણાવાડા,
મહિસાગર જિલ્લામાં ૪૨ પાટીદાર સમાજઘર લુણાવાડા ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઉજ્વલ ભારત, ઉજ્વલ ભવિષ્ય વીજળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ રમીલબેન ડામોર અને લુણાવાડાના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. સરકારની વિદ્યુતક્ષેત્રની અભૂતપૂર્વ સિદ્ધિઓને જન-જન સુધી પહોંચાડવા માટે વીજળી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રી કુબેરભાઈએ જણાવ્યું હતું કે, સરકારના સતત પ્રયાસોથી આજે ભારતનું કોઈ જ ગામ વીજળી વિનાનું રહ્યું નથી. ૨૪ કલાક વીજળી મળી રહી હોવાથી ગામડાઓ આજે દીપી ઉઠ્યા છે. વીજળીના લીધે ખેતીની આવકમાં વધારો થયો છે અને ખેડૂતોની મહેનત ઘટી છે. દરેક ઘરો પ્રકાશ યોજના અંતર્ગત ૨ કરોડ ૮૬ લાખ વીજ કનેકશન માત્ર ૧૮ મહિનામાં અપાયા, જે દુનિયાનું સૌથી મોટું વિદ્યુતીકરણ અભિયાન છે.આપણે ભારતવાસીઓ, જે નક્કી કરીએ છીએ તે હાંસલ કરીએ છીએ અવિરત વીજ પ્રવાહના લીધે વિદ્યાર્થીઓ ઈન્ટરનેટના માધ્યમથી ઘરબેઠા જ અભ્યાસ અને ભરતી પરીક્ષાની તૈયારી કરીને પોતાનું અમૂલ્ય ભવિષ્ય ઘડી રહ્યા છે. વીજળીના લીધે મહિલાઓના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. મહિલાઓ ઘર બેઠા ઘરકામની સાથે અન્ય આવક રળી રહી છે. વિક્ષેપ વિનાનો વીજ પૂરવઠો આપીને સરકારે અનેક ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે.

સુંદર વિતરણ વ્યવસ્થા આપણે ત્યાં છે તેમ જણાવી મંત્રીએ સરકાર હવે રિન્યુએબલ એનર્જીને પ્રાધાન્ય આપી રહી હોવાનું ઉમેર્યું હતું.



મંત્રીએ વધુમાં ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોનો ઉપયોગ કરી પર્યાવરણની રક્ષા કરવા અને સરકાર દ્વારા સોલર પેનલ લગાવવા સબસિડી આપવામાં આવે છે. તેનો મહત્તમ લાભ લઈ વીજળીની બચત કરવા નાગરિકોને અપીલ કરી હતી.

સરકારે વીજ વિતરણનું માળખું મજબૂત અને ડિજિટલ બનાવ્યું છે. કોઈપણ વિસ્તારમાં ફોલ્ટ સર્જાય તો તેને સરળતાથી શોધીને મિનિટોમાં તેનું નિવારણ લાવી શકાય એવી વ્યવસ્થા આજે ઉપલબ્ધ છે. ગુજરાતના એક છેડાથી ઉત્પન્ન થયેલી વીજળી આપણે ગુજરાતના બીજા છેડે મોકલી રહ્યા છીએ એવી સુંદર વિતરણ વ્યવસ્થા આપણે ત્યાં છે. મંત્રીએ રિન્યુએબલ એનર્જીને લઈને કહ્યું કે આપણી સરકાર હવે આ રિન્યુએબલ એનર્જીને પ્રાધાન્ય આપી રહી છે. તેઓએ ઉપસ્થિત સૌને અપીલ કરીને કહ્યું કે ઉર્જાના રિન્યુએબલ સ્ત્રોતોનો ઉપયોગ કરીને પર્યાવરણની રક્ષા કરવી જોઈએ. સરકાર દ્વારા સોલાર પેનલ લગાવવા માટે સબસિડી આપવામાં આવે છે તો તેનો મહત્તમ લાભ લેવો જોઈએ. તેઓએ સૌને વીજળીની બચત કરવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે લુણાવાડા ના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે જણાવ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ૨૪ કલાક વીજળી આપવાનો સંકલ્પ કર્યો હતો. આજે ગુજરાતના ગામડે-ગામડે વીજળી મળી રહી છે. સરકાર હંમેશા લોકોની સુખાકારી માટે કાર્યરત છે અને તેના લીધે જ સુવિધાયુક્ત વીજમાળખું ગુજરાતમાં શક્ય બન્યું છે. વીજળી વિભાગના કર્મચારીઓ રાત દિવસ મહેનત કરીને લોકોને ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ કરાવી રહ્યા છે. વીજળી આવવાના લીધે ગામડાના ગરીબોને પણ રોજગારીનો અવસર મળ્યો છે. વીજળીના લીધે ઉદ્યોગો ગુજરાતના ખૂણેખૂણે વિકસ્યા છે. આપણે વીજ ઉત્પાદનમાં એક એવો રેકોર્ડ ઉભો કર્યો છે.

આ કાર્યક્રમ દરમિયાન વિદ્યુતક્ષેત્રની વિવિધ રાજ્યોની પ્રગતિને દર્શાવતી ટૂંકી ફિલ્મો સૌને દર્શાવવામાં આવી હતી. લાભાર્થી સર્વ રમણભાઈ પટેલ અને નૈતિકકુમાર પંચાલે સરકારના પ્રયાસોના લીધે વીજળીને લગતી વિવિધ યોજનાનો લાભ મળ્યો છે તેના વિશે પ્રતિભાવ પણ રજૂ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા વિદ્યુતક્ષેત્રની વિવિધ સિદ્ધિઓને જન-જન સુધી પહોંચાડવા માટે ૨૫ જૂલાઈથી ૩૦ જૂલાઈ સુધી દેશના ૭૭૩ જિલ્લામાં વીજળી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. દરેક જિલ્લામાં બે સ્થળોએ આ ઉજવણી કરાઈ રહી છે. ૩૧ જૂલાઈના રોજ વડાપ્રધાન આ કાર્યક્રમના સંદર્ભે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે.

મહીસાગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૩૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂા. ૧૦૭ કરોડના ખર્ચે ૧૦૭૧૩ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. કિસાનોને સમયસર વીજળી મળી રહે તે માટે ખેતીવાડી લાઈન માટે નવા ૨૨ ફીડરો નાંખવામાં આવ્યા. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૨૧૦૧૦ નવા ઘર વપરાશ માટેના વીજ જોડાણ આપવામાં આવ્યા. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશન તૈયાર કરવામાં આવ્યા. આજ રીતે ૭૦૫૧ નવીન ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા. જયારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જિલ્લામાં રૂા. ૨૧૯.૨૫ લાખના ખર્ચે નડતરરૂપ વીજલાઈનો ખસેડવામાં આવી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન ગોધરા વર્તુળ અધિક ઈજનેર એન.એ.શાહે અને આભાર વિધી મહીસાગર એમજીવીસીએલ ઈજનેર ડી.પી.મોદીએ કરી હતી. કિસાન વિદ્યાલય અને પંચસીલ હાઈસ્કૂલની બાલીકાઓ દ્વારા સ્વાગત ગીત તેમજ ગરબો રજૂ કર્યો હતો. જ્યારે વીજળી બચાવવાના સંદેશો પાઠવતી ભવાઈ-નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખણી, લુણાવાડા નગરપાલિકા પ્રમુખ ભાવનબેન મહેતા, લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતિબેન પટેલ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ, વીરપુર તાલકા પંચાયત પ્રમુખ ડો.દીપક તલાર, પાવરગ્રીડ વડોદરા સિનિયર જનરલ મેનેજર એસ.જે. લાકડા, ડેપ્યુટી જનરલ મેનેજર મોહિન્દર જાદવાની, લુણાવાડા પ્રાંત અધિકારી એ.કે.ગૌત્તમ, અગ્રણી રાવજીભાઈ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચઓ અને ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા તાલુકાના ચનસર ગામે ૭ થી ૮ દેશી દારૂની ધમધમતી ભઠ્ઠીઓ પોલીસ તંત્ર અજાણ...?

લુણાવાડા,
લુણાવાડા તાલુકાના ચનસર ગામે દેશી દારૂની ૭ થી ૮ ભઠ્ઠીઓ ધમધમતી જોવા મળી આવી. દેશી દારૂના ભઠ્ઠાઓ ઉપર પોલીસને ધ્યાને આવી નહી હોય કે પછી રહેમ નજર હેઠળ ધમધમી રહ્યા છે. તેવા અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે.

ગુજરાતના ધંધુકા અને બોટાદમાં કથીત લઠ્ઠાકાંડમાં ૩૭ જેટલા લોકોના મોત થવા પામ્યા છે. ત્યારે રાજયમાં અન્ય જીલ્લાઓમાં ભવિષ્યમાં આવા લઠ્ઠાકાંડ ન સર્જાય તે માટે મીડીયા સર્તક બન્યું છે. મહિસાગરના લુણાવાડા તાલુકાના ચનસર ગામે તપાસ કરતાં ૭ થી ૮ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી જોવા મળી. મહિસાગર જીલ્લામાં અગાઉ પણ લઠ્ઠાકાંડની ઘટનામાં અનેક લોકોના મોત નિપજયા હતા. તેમ છતાં જીલ્લામાં દેશી દારૂની ભઠ્ઠીઓ અને હાટડીઓ આજે પણ ધમધમી રહી છે. ચનસર ગામે ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓથી પોલીસ અજાણ હોય તે માની શકાય નહી. ત્યારે શું પોલીસની રહેમ નજર હેઠળ ચાલતી આવી દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર કાર્યવાહી કરાશે ખરી...?



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

## સંતરામર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ દેશી દારૂની ભટ્ટીઓ

સંતરામપુર,
એક બાજુ લઠ્ઠા કાંડ બીજી બાજુ સંતરામપુરમાં આજુબાજુ ગ્રામ્ય વિસ્તારોમાં ચાલી રહેલા ખુલેઆમ દારૂના અડ્ડાઓ અને તેનું વેચાણ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અને સૌથી વધારે દારૂ બનાવવાની ભટ્ટીઓ જોવાથી હોય તો નવાગરા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વેણા વાંકડી ગોઠીબડા સુકીદેવી નર્સિંગ પુર આવા ગામડાઓમાં દેશી દારૂ ગાણી તેનું વેચાણ કરતા હોય છે સંતરામપુર નજીકના વિસ્તારોમાં શંખેશ્વર રાઈસ મીલની પાછળ ભાથીજી મંદિર પાછળ બાયપાસ પાસે નારાયણ નગર સોસાયટી વિસ્તારની બાજુમાં નર્સિંગપુર પ્રાથમિક શાળાની નજીકમાં કોર્ટ ની સામે બગીચામાં આવી જગ્યા ઉપર દિવસ પર ખુલેઆમ દેશી દારૂનું વેચાણ થતું હોય છે ત્યાંથી દારૂ પીને લોકો નીકળે એટલે રોડ ઉપર જ લથડીયા ખાઈને પડી રહેલા જોવા મળેલ છે નવાગરા થી દેશી દારૂના ઠેકેદારો તેમના માણસો જોડે થી મોટર સાયકલ ઉપર સવાર સાંજ અને બપોર દિવસમાં દારૂના ફુગ્ગા મંગાવતા હોય છે આવી રીતે સંતરામપુરમાં દેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે જ્યારે પોલીસ રીડ કરે તો એક બે દારૂડીયાને પકડી લે છે અને બીજા દિવસે છોડી મૂકવામાં આવે છે આવી રીતે પોલીસ કેસ પણ કરે છે પોલીસ દેશી દારૂ ના અડ્ડા ઉપર રેડ કરીને ત્રણથી ચાર લીટર દેશી દારૂ કબજે કરી તેનો કેસ પણ બનાવે છે પરંતુ ઘણા સમયથી સંતરામપુરમાં દારૂના અડ્ડા તો ચાલે છે પણ બંધ કરાવતા નથી કેટલીક વાર તો નારાયણ નગરના કેટલાક રહીશોએ ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત કરી કે અમારી સોસાયટી વિસ્તારની બાજુમાં જ દારૂ અડો ચાલે છે તે બંધ થવો જોઈએ દેશી દારૂ ના અડ્ડા પર દારૂ પીવા માટે સવારે અને સાંજે સૌથી વધારે ભીડ જોવાતી હોય છે દારૂ પીધા પછી રોડ ઉપર કલાક પછી દારૂડિયાઓ બૂમ્બરરા કરી કરીને પસાર થતા હોય છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## લુણાવાડા તાલુકાના મલેકપુર સહિત સમગ્ર જિલ્લામાં દશામાનો ભકિતમય માહોલ જોવા મળ્યો

મલેકપુર,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર બજારમાં દશામાની મુર્તીની ખરીદીને અર્થે મલેકપુર બજારમાં આ વર્ષ મંદીના માહોલ જેવા દશ્યો જોવા મળ્યા હતા. તેમજ મલેકપુર બજાર દશામાના અવનવા રૂપની મુર્તીઓનો નજારો જોવા મલ્યો હતો.

લુણાવાડા તાલુકામાં દશામાના વ્રતને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે દશામાના વ્રતની ઉજવણીને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.દિવાસાના દિવસથી શરૂ થતા માં દશામાના વ્રતની ઉજવણી મલેકપુરના આજુબાજુના ગ્રામ્યજનો ધામધૂમથી કરવામાં આવે છે.આમ લુણાવાડા તાલુકાની પ્રજા ઉત્સવ પ્રિય અને શ્રદ્ધાળુ પણ છે. મલેકપુરમાં દશામાતાની મૂર્તિઓનું વેચાણ કરતા વેપારીઓ પોતાની દુકાનમાં સજાવટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે લુણાવાડા તાલુકાના મલેકપુર બજારમાં આગામી દિવસોમાં શરૂ થનારા દશામાના વ્રતની ઉજવણીને લઈને મલેકપુર બજારમાં વેપારીઓમાં અને ભકતજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મલેકપુરમાં મૂર્તિના વેચાણ કરતા વેપારીઓના જણાવ્યા મુજબ અમાસના દિવસથી શરૂ થનારા આ ૧૦ દિવસ ચાલનારા દશામાતાના વ્રતની ઉજવણી માટેના પુજાપો, ચુંદડી સહિત જરૂરી સામાનનું પણ વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું. મલેકપુરમાં બજાર હોવાને કારણે ગ્રામ્ય વિસ્તારોમાંથી દશામાની મૂર્તિઓની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. દશામાંની મુર્તીના વેચાણમાં પણ હજુ સુધી બજારમાં મંદિનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે હવે દશામાંના વ્રતના દીવસો એકદમ નજીક આવી ગયા હોવા છતાં વેપારીઓમાં તેમજ મલેકપુર બજારોમાં આજસુધી સુમસાનનો માહોલનો નજારો જોવા મળ્યો હતો.આમ દશામાની મૂર્તિમાં ગયા વર્ષ કરતા આ વર્ષ પણ ભાવમાં વધારો જોવા મળ્યો હતો. આમ, મલેકપુર બજારમાં દશામાં ભકતો દશામાની મૂર્તિની આનંદ અને ઉત્સાહથી ખરીદી કરતા ભકતો નજરે ચઠયા હતા.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

## સંતરામપુર ટીચર્સ સોસાયટીના રદ્દ કરાયેલા ૮ શિક્ષકોનો વિજય

સંતરામપુર,
સંતરામપુરમાં સંતરામપુર, ફતેપુરા, તથા કડાણા તાલુકાની સંયુકત ટીચર્સ સોસાયટી આવેલ છે. જેમાં ટીચર્સ સોસાયટીના વહીવટકર્તાઓ દ્વારા મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ હોવા બાબતે ફતેપુરા, સંતરામપુર, તથા કડાણાના ૮ જેટલા શિક્ષકોએ વિરોધ ઉઠાવ્યો હતો. તેમજ ટીચર્સ સોસાયટીમાં ગેરવહીવટ નહિ કરવા અને શિક્ષકોના હિતમાં કાર્ય કરવા જણાવાતા ૮ શિક્ષકોને સભાસદોની ખોટી સહીઓ કરી, શિક્ષકોના નામે ઠરાવ લખી સોસાયટીના સભ્યપદેથી રદ્દ કરેલ હતા. જેની અપીલ રાજ્ય રજીસ્ટ્રાર ગાંધીનગર ખાતે કરાતા આ ત્રણ તાલુકાના સભાસદ શિક્ષકો તરફી ચુકાદો આવતા મોટાભાગના શિક્ષકોએ એકત્રિત થઈ ગેરરિતી આચરનાર વહીવટકર્તાઓ દ્વારા અનઅધિકૃત કરેલ ખર્ચના નાણાંનો હિસાબ સહિત સંતરામપુર ટીચર્સ સોસાયટીમાં ચેરમેનને બદલવા માટેનો ઠરાવ કરશે તેવા ડરથી અસંતુષ્ટ વહીવટકર્તાઓ દ્વારા ગુજરાત નામદાર હાઈકોર્ટ દ્વારા સ્ટે મેળવવાનો પ્રયત્ન કરવા સ્ટે નહિ અપાતા સંતરામપુર ટીચર્સ સોસાયટીના વહીવટકર્તાઓએ સભા બંધ રાખી હોવાનુ પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ ફતેપુરાના અધ્યક્ષ વિરેન્દ્રભાઈ જી.તાવિયાડ દ્વારા જાણવા મળેલ છે.

## મહીસાગર જિલ્લાનું પશુ આરોગ્ય તંત્ર લમ્પી રોગનું સંક્રમણ ફેલાતું અટકાવવા સતર્ક

લુણાવાડા,
રાજયના ઘણા જિલ્લાઓમાં ગાય-ભેસ વર્ગના પ્રાણીઓમાં ગાંઠદાર ત્વચા રોગ (લમ્પી સ્કીન ડીસીઝ) જોવા મળ્યો છે, પરંતુ મહીસાગર જિલ્લામાં હાલમાં લમ્પી વાયરસના બે કેસ નોંધાવા પામ્યા છે. જે કેસ નોંધાવા પામ્યા છે. તે જિલ્લા બહારથી આવેલ પશુના કારણે નોંધાયા છે જેમાં એક વિરપુર અને એક લુણાવાડા તાલુકાનો સમાવેશ થાય છે. ત્યારે મહીસાગર-લુણાવાડના જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લાનું પશુપાલન તંત્ર લમ્પી વાયરસના સંક્રમણ ફેલાતું અટકાવવા સતર્ક છે.

મહીસાગર જિલ્લા પંચાયતના ઈન્ચાર્જ નાયબ પશુપાલન નિયામક ડો. એચ. એન. જોષીએ પશુપાલકોને આ રોગથી ગભરાવાના બદલે તકેદારી રાખવાથી અને સ્થાનિક પશુચિકિત્સા અધિકારીના માર્ગદર્શન અનુસાર બિમાર પશુને સારવાર કરાવવી. આવા પશુને અલગ રાખવાથી અને બિમાર પશુ સાથે રહેલા પશુઓને રસીકરણ કરવાથી આ રોગ સંપૂર્ણપણે નિયંત્રિત થઈ જાય છે. અન્ય જિલ્લામાં લમ્પી વાયરસના ફેલાવો જોતા મહીસાગર જિલ્લાના પશુધનમાં દૈનિક ધોરણે સર્વે કરવામાં આવે છે. તકેદારીના ભાગરૂપે પશુપાલકોને જાગૃત્ત કરવામાં આવી રહ્યા છે. આ રોગ માનવમાં નથી થતો, પણ પશુથી પશુમાં ફેલાઈ શકે છે. હાલમાં આ રોગના તીવ્ર સંક્રમણને ધ્યાને લેતા અન્ય જિલ્લામાંથી મહીસાગર જિલ્લામાં પશુઓની હેરફેર ન થાય તે માટેની તકેદારી રાખવા તેમણે પશુપાલકોને અપીલ કરી છે. તેમણે વધુમાં રાજ્ય કક્ષાએથી અને વિભાગીય કચેરી કક્ષાએથી સતત મોનિટરીંગ અને દિશાનિર્દેશો અનુસાર મહીસાગર જિલ્લામાં પશુઓમાં આ રોગ ન ફેલાય એ માટે જિલ્લાનું આરોગ્ય તંત્ર સર્તક હોવાનું જણાવ્યું છે.

તેમણે જિલ્લાના પશુપાલકોને ઢોરના કોઢારમાં સાફસફાઈ, સેનિટેશનની કાળજી લેવા અને લમ્પી સ્કીન ડીસીઝ રોગથી ગભરાવાને બદલે સાવચેતી રાખવા અપીલ કરી તેમણે પશુધનમાં શંકાસ્પદ લક્ષણો જણાય તો નજીકના પશુ દવાખાનાનો અથવા હેલ્પલાઈન નં.૧૯૬૨ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

નાયબ પશુપાલન અધિકારીએ લમ્પી વાયરસ શું છે? તે કેવી રીતે ફેલાય છે? તેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, લમ્પી સ્કીન ડીસીઝ એ એક વાઈરસજન્ય રોગ છે. જેનો ફેલાવો મચ્છર, માખી, જૂ, ઈતરડી વગેરે દ્વારા તથા સીધો સંપર્ક, દુષિત ખોરાક અને પાણીથી ફેલાય છે. આ રોગના લક્ષણોમાં મુખ્ય રીતે પશુઓમાં સામાન્ય તાવ, આંખ-નાકમાંથી પ્રવાહી આવે, મોઢામાંથી લાળ પડે, આખા શરીર પર ગાંઠો જેવા નરમ ફોલ્લા પડે, પશુનું દૂધ ઉત્પાદન ઘટે, ખાવાનુ બંધ કરે કે ખાવામાં તકલીફ પડે, ગાભણ પશુ તરવાઈ જાય અને ક્યારેક પશુ મૃત્યુ પામે છે.

તેમણે લમ્પી રોગનું નિદાન અને સારવાર અંગેની વિગતો આપતાં મુખ્યત્વે આ રોગના લક્ષણો પરથી તેનું નિદાન થાય છે. પી.સી.આર. અને એલાયસા ટેસ્ટ દ્વારા લેબોરેટરીમાં સચોટ નિદાન થાય છે. સારવારમાં રોગીષ્ટ પશુને સૌ પ્રથમ અલગ કરવુ, અને રોગગ્રસ્ત વિસ્તારમાંથી પશુનું સ્થાળાંતર બંધ કરવું. રહેઠાણના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવી અને યોગ્ય દવાઓ દ્વારા માખી, મચ્છર અને ઈતરડીના ઉપદ્રવનો અટકાવ કરવો. પશુમાં રોગપ્રતિકારક શક્તિ વધે અને ખોરાક જળવાઈ રહે તે માટે પશુચિકિત્સકની સલાહ મુજબ ઘરગથ્થુ માવજત કરવી. અસરગ્રસ્ત/રોગગ્રસ્ત પશુઓમાં રસીકરણ કરવું હિતાવહ નથી. અસરગ્રસ્ત વિસ્તારના નિરોગી પશુઓમાં ફેલાવો અટકાવવા રસીકરણ કરવું જરૂરી હોવાનું જણાવ્યું છે.

## લુણાવાડા રામપટેલના મુવાડા પાસેથી ઈકો ગાડી માંથી બીલ વગરનો શંકાસ્પદ ઓઈલનો જથ્થો ઝડપી પાડતી SOG પોલીસ



લુણાવાડા,
મહિસાગર એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, લુણાવાડા તરફ થી ઈકો ગાડીમાં શંકાસ્પદ ઓઈલનો જથ્થો ભરીને સંતરામપુર તરફ જનાર છે. તેવી બાતમીના આધારે પોલીસે ઈકો ગાડી રોકી બીલ વગરના ૪૫,૭૫૦/- રૂપીયાનો ઓઈલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ લુણાવાડા એસ.ઓ.જી. પોલીસ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી મળી હતી કે, લુણાવાડા તરફ થી ઈકો ગાડી નંબર જીજે.૨૦. એએચ. ૬૮૩૩ માં શંકાસ્પદ ઓઈલનો જથ્થો ભરીને સંતરામપુર તરફ જનાર છે. તેવી બાતમીના આધારે રામ પટેલના મુવાડા પાસે વોચ ગોઠવી બાતમી વાળી ઈકો ગાડીને રોકી હતી અને ઈકો માંથી બીલ વગરના ૧૨૪ નંગ ઓઈલના ડબ્બા કિંમત ૪૫,૭૫૦/-રૂપીયા તેમજ ઈકો ગાડી મળી ૧,૯૭,૨૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચાલક કિરીટભાઈ બાબુભાઈ ડબગર રહે. શહેરા દરવાજા, લુણાવાડાને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## સંતરામપુરના કરાટા કોમ્પિટીશનમાં ૧૫ વિદ્યાર્થીઓએ મેડલ મેળવ્યા

સંતરામપુર,
સંતરામપુરમાં કરાટા કોમ્પિટિશનમાં ૧૫ વિદ્યાર્થીઓ મેડલ પ્રાપ્ત કર્યા. સંતરામપુરના વિદ્યાર્થીઓને સમાસ પોર્ટ કોમ્પ્લેક્સ વડોદરા ખાતે નેશનલ વર્લ્ડ યુ કરાટે સેમિનાર એન્ડ ચેમ્પિયન યોજાઇ હતી. જેમાં માસ્ટર સુરેન્દ્ર માસ્ટર એન્ડ્ જ ની આગેવાની હેઠળ સંતરામપુરના કોલ કરાટે ચેરીટેબલ ટ્રસ્ટ ૧૫ કરાટે ભાગ લીધેલો હતો. જેમાં છ ગોલ્ડ, પાંચ સિલ્વર અને ચાર બ્રાન્ડ મેડલ મેળવીને ગૌરવ વધારેલું હતું. મહીસાગર જિલ્લાના સંતરામપુરના દ્વજા મહાવીર જૈન પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ મેળવ્યું હતું.

## આપની આજ.......

મેષ : તમે વ્યવસાયમાં મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી શકો છો. તમે ઘરના બાંધકામની જરૂરિયાતનો અનુભવ કરશો. સંબંધીઓ સાથેના સંબંધોમાં સુધાર થશે અને પ્રેમજીવનમાં તમારું માન વધશે.

વૃષભ : વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે, આ માટે તેઓને મોટા લોકોને મળવાનું રહેશે. નાણાકીય રીતે પરિસ્થિતિઓ તણાવપૂર્ણ બની શકે છે, તેથી તમારે ધંધામાં વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ કરવાની જરૂર રહેશે. કોઈની સાથે સંઘર્ષને કારણે વર્તનમાં પરિવર્તન લાવવું પડશે. પારિવારિક ખર્ચ અને આર્થિક વ્યવહારમાં પણ ધ્યાન રાખવાની જરૂર છે. તમે ધંધામાં જે કરો છો તેનો વિરોધ થઈ શકે છે.

કર્ક : વેપારની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. લાંબા સમયથી બંધ રહેલા માલના વેચાણમાં અચાનક ઉછાળો આવશે. દાંપત્ય જીવનમાં તમને પૂર્ણ સહયોગ અને વિશ્વાસનો અનુભવ થશે.

સિંહ : ઘરમાં કોઈ સભ્યને કારણે સામાજીક માન ગુમાવવાની સંભાવના છે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને ખર્ચા પૂરા થશે. સાંજનો સમય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવામાં પસાર થશે.

કન્યા : ધંધાને કારણે પરિવારને સમય આપી શકતા નથી, જેના કારણે મન ઉદાસ થઈ જશે. દિવસની શરૂઆતથી જ તમે કોઈ મહત્વપૂર્ણ કામના જોડાણમાં વ્યસ્ત રહેશો.

તુલા : તમારું કાર્યક્ષેત્રમાં માન રહેશે અને એક પછી એક કામનું નિરાકરણ લાવશો. મુસાફરી કરવાનું ટાળો નહીં તો આરોગ્ય ખરાબ થઈ શકે છે. સમય પ્રમાણે ધંધામાં ભાગદોડી કરીને તમે પ્રગતિ કરશો.

વૃશ્ચિક : કાર્યક્ષેત્ર માટે આજનો સમય લાભકારક છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. સખત મહેનત બાદ જટિલતાનો અંત આવશે. પરંતુ વધારે ઉત્સાહને લીધે કામ બગડે છે, તે ધ્યાનમાં રાખો.

ધનુ : આ દિવસે તમારો સ્વભાવ ખૂબ જીદ્દી રહેશે. ઘરના સભ્યો પ્રત્યે વર્તનમાં કડવાશ હોઈ શકે છે પરંતુ વિરોધીઓ પ્રત્યે નરમ રહેશો. આ કાર્યસ્થળ અથવા સામાજિક સ્તરે પણ નુકસાન પહોંચાડી શકે છે.

મકર : આજે તમારા વિચારો ઘણા દિવસો પછી બીજા લોકો સાથે મેળ ખાશે. મહત્વપૂર્ણ વ્યવસાય સંબંધિત ડીલમાં તમને સફળતા મળશે. વિદેશી સંબંધિત ધંધામાં પણ સફળતા મળશે.

કુંભ : આજે કાર્યક્ષેત્રમાં ટૂંકા સમયમાં આશાસ્પદ લાભ મળી શકે છે, પરંતુ આ માટે મનને કામ તરફ વાળવું પડશે. પરિશ્રમ પછી ઈચ્છિત લાભ થશે. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે.

મીન : વેપાર વર્ગ કરતાં વેપારીઓ માટે દિવસ વધુ આનંદપ્રદ રહેશે. આખો દિવસ મનોરંજનની તકો પણ સરળતા સાથે મળશે, પરંતુ કોઈ કારણોસર મન પણ ભયભીત રહેશે. વેપારી વર્ગ બપોર સુધી ધંધામાં વ્યસ્ત રહેશે. આયોજિત કાર્યક્રમો પણ સફળ થશે અને આર્થિક લાભ પણ મળશે.

## ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતા હાઈવે માર્ગની સાઈડોમાં

# ખોદકામની આડેધડ કામગીરીથી અકસ્માત બનાવોમાં મોટી જાનહાનીનો ભય

- ચોવીસ કલાક વાહનોથી ધમધમતા હાઈવે માર્ગની બંને સાઈડો માં પહોળાઈ માટે પુરાણ કરવા ઊંડી ગટરોનુ ખોદકામ કરવામાં આવી રહ્યું છે.
- માર્ગની આસપાસમાં રહેતા સ્થાનિક પરિવારોના બાળકો માટે તથા વાહન ચાલકોને અકસ્માત બનાવમાં મોટી જાનહાની થવાનો કાયમી પ્રશ્ન ઉભો થયો.

ફતેપુરા,

ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતા હાઈવે માર્ગની નવીનીકરણ કામગીરી હાલમાં કરોડો રૂપિયાના ખર્ચે પૂરજોશમાં ચાલી રહી છે અને માર્ગને પહોળો કરવા માટે બંને સાઈડોમાં માટી પુરાણ કરવામાં આવી રહ્યું છે. આ માટી માર્ગની સાઈડોમાં ગટરો ખોદાણ કરી પુરાણ કરવામાં આવતું હોય માર્ગની સાઈડમાં રહેતા સ્થાનિકો સહિત વાહન અકસ્માત જેવા બનાવોમાં મોટી જાનહાની સર્જાય તેવા સંજોગો કાયમ માટે ઊભા થવા પામેલ હોવાનું નજરે જોતા જણાઈ આવે છે. ત્યારે આ હાઈવે માર્ગની સાઈડમાં માટી પુરાણ કરવા માટે અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી જણાય છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર જતા સ્ટેટ હાઈવે માર્ગની કામગીરી હાલમાં કરોડો રૂપિયાના ખર્ચે કરવામાં આવી રહી છે. તેમાં હાલ રસ્તાને પહોળો બનાવવા બંને સાઈડોમાં માટી પુરાણ કરવામાં આવી રહ્યું છે.માટી પુરાણ કરવા માટે માર્ગની સાઈડોમાં ચારથી પાંચ ફૂટ ઊંડાઈની ગટરો ખોદવામાં આવેલ છે. જેના લીધે આવનાર સમયમાં આ માર્ગની આસપાસમાં રહેતા સ્થાનિકો સહિત તેમના બાળકો માટે મુશ્કેલી સર્જાય તેવી સ્થિતિ ઊભી થયેલ છે. તેમાં ખાસ કરીને ચોમાસા જેવા સમયમાં આ ગટરોમાં પાણી ભરાઈ રહેતા તેમાં જો કોઈ બાળક પડે તો આ ગટરો જીવલેણ સાબિત થઈ શકે. જ્યારે ચોવીસ કલાક વાહનોથી ધમધમતા આ માર્ગ ઉપર અવારનવાર નાના– મોટા વાહન અકસ્માતો સર્જાય છે.અને વાહનો પલટી મારવાના બનાવો પણ બની ચૂકેલા છે.જેમાં મોટી જાનહાનીનો બનાવ નોંધાયો નથી.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

હાલમાં માર્ગને પહોળો બનાવવા માટે માર્ગની બંને સાઈડોમાં માટી પુરાણ કરવામાં આવી રહ્યું છે તે માટે માર્ગની બંને સાઈડો માંથી ખોદાણ કરવામાં આવતા આ માર્ગની સાઈડોમાં ઉંડી ગટરો બની ગયેલ છે અને તેમાં જો અકસ્માતે કોઈ વાહન ખાબકે તો મોટી જાનહાની થવાનો કાયમી પ્રશ્ન ઉભો થવા પામેલ છે. ત્યારે રાત દિવસ વાહનોથી ધમધમતા આ હાઈવે માર્ગની બાજુમાં માટી પુરાણ માટે જરૂરિયાત પૂરતી માટી માટે રસ્તાની સાઈડમાં ગટરો ખોદાણ કરવાની જગ્યાએ અન્ય કોઈ રીતે માટીની વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજા સહિત વાહન ચાલકો માટે ખૂબ જ જરૂરી હોવાનું જણાઈ રહ્યું છે.ત્યારે લાગતા વળગતા તંત્ર દ્વારા તે બાબતે ધ્યાન આપવામાં આવે તે આવશ્યક જણાઈ રહ્યું છે.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે, હાલ બે દિવસ અગાઉ લખણપુર ગામે હાઈવે માર્ગ ઉપર આ પુરાણ કરવામાં માટીમાં ટ્રક ચડી જતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી. જ્યારે લખણપુરમાં જ એક એસ.ટી બસ ગટરમાં ખાબકતા વૃક્ષ આડે આવી જતા માંડ બચતા મોટી જાનહાની ટળી હતી.જ્યારે આવનાર સમયમાં નાનું–મોટું વાહન માર્ગની સાઈડમાં આવેલ ગટરમાં ખાબકે તો બચાવ કરતા જાનહાની થવાનો ભય વધુ હોવાનું નજરે જોતા જણાઈ આવે છે.

અહીંયાએ પણ જણાવવું જરૂરી છે કે, હાલમાં ઝાલોદથી સુખસર થઈ સંતરામપુર હાઈવે માર્ગની કામગીરી ચાલી રહી છે. ત્યારે સુખસરના બસ સ્ટેશનથી લઈ આસપુર ચોકડી સુધીમાં આ હાઈવે માર્ગ દર ચોમાસાના સામાન્ય વરસાદથી તૂટી જાય છે અને વર્ષો વર્ષ તેને રીપેરીંગ કરવામાં આવતો હતો. જેના લીધે આસપાસના સ્થાનિક વેપારીઓની દુકાનો સહિત રહેણાંક મકાનોમાં પાણી ભરવાના બનાવો વર્ષોથી બની રહ્યા છે. પરંતુ હાલમાં આ રસ્તાની નવીનીકરણ કામગીરી ચાલી રહી છે. ત્યારે સુખસર બસ સ્ટેશનથી આસપુર ચોકડી સુધીના રસ્તાને ખોદાણ કરી કામગીરી કરવામાં આવે તેમજ ગટર લાઈન નાખવામાં આવે તો અહીંયા ના સ્થાનિક લોકો સહિત વાહનચાલકો અને રાહદારીઓનો કાયમી પ્રશ્ન હલ થઈ શકે તે પ્રત્યે પણ તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામેલ છે.

# દે.બારીયા પંથકમાં ગોકુળ ગતિએ વરસાદ વરસી રહ્યો છે વેસ્ટન ડીસ્ટર્પની અસર જોવા મળી રહી છે...?

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના અડધા વિસ્તારમાં મકાઈનો પાક નિંકળવાની તૈયારીમાં છે અને બીજો વિસ્તાર ધાનપુર અને લીમખેડા તાલુકાઓને જોડતા વિસ્તારોમાં વરસાદ ઓછો છે. રૂવાબારી નાની મોટી ખજુરી જેવા વિસ્તારોમાં વરસાદ પાછળથી અને ઓછો થવાના કારણે ત્યાં મકાઈના છોડ માંડ માંડ બે ફુટ ઉપર છે. જ્યારે નાની ઝરી અને મોટી ઝરી તેમજ કાલીયાગોટા, ફુલપરા , અસાયડી, ભુતપગલા જેવા વિસ્તારોમાં મકાઈના ડોડા એક થી દોઢ માસમાં થવાની સંભાવના રહેલી છે. અને આ વાત એક ખેડુત મીત્ર એ જણાવી છે. બીજી બાજુ ભાદરવા બાદ મકાઈનો પાક થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા મામતલતદાર ઓફિસના હસ્તક ફ્લડ કંટ્રોલ રૂમના કર્મીના જણાવ્યા અનુસાર તાલુકાનું ૨૨૫ મી.મી. આજ સુધીનું વરસાદ અનુસાર નોંધાયો છે. તે સામાન્ય થી નીચેનો વરસાદ ગણી શકાય જેનું મુખ્ય કારણ વેર્સ્ટન ડીસ્ટર્પના કારણે કહી યે તો તેમાં શંકા નથી. આમ તો રાબેતા મુજબનું મૌનસુન ગુજરાતમાં ૧૪મી જુનએ પણ ૧૦મી એ પહેલા મુંબઈમાં થવા બાદ જ્યારે આ વખતે ગુજરાતમાં જુલાઈના અંતમાં થયો. અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, મુંબઈના પહેલા પહેલી જુનની આસપાસ સૌરાષ્ટ્રના કાંઠાના વિસ્તારોમાં જેવાં કે, ભાવનગર, બોટાદ, અમરેલીમાં મુંબઈના પહેલા આ તમામ વિસ્તારોમાં બે થી ત્રણ ઈંચ વરસાદ ખાબકી ચુકયો હતો. આને વેર્સ્ટન ડીસ્ટર્પનું મુખ્ય કારણ પણ હવામાન વિભાગે પણ આશંકા કરી હતી. રાબેતા મુજબનું મૌનસુન તો બંગાળની ખાડીમાં જે લો પ્રેશર અને તેના દબાણ થી મૌનસુન કહેવાય છે. અથવા ગણાય છે. અને હિન્દ સમુદ્રમાં ઉદ્દભવેલા લો પ્રેશરના કારણે જે સૌરાષ્ટ્રમાં વરસાદ થયો તે વેર્સ્ટન ડીસ્ટર્પનું પરિક્ષણ છે. જેથી આ વખતે મધ્ય ગુજરાતમાં પંચમહાલ, ખેડા, દાહોદ અને મધ્યપ્રદેશના વિસ્તારોમાં જાંબુઆ, અલીરાજપુર, રાજગઢ, રતલામ સુધીના વિસ્તારોમાં વરસાદ ઓછો થયો છે. મકાઈના પાક ત્રણ થી સાડા ત્રણ માસમાં તૈયાર થઈ જાય છે અને આ મકાઈના પાકને પાણીની વધુ જરૂર રહેતી નથી. પરંતુ ડાંગર જેવા પાકને જો ઓછો પાછોટા વરસાદ ના થાય તો નુકશાની થવાની શકયતા રહેલી છે. જો કહેવત અને ઉખાણા અનુસાર ભાદરવો ભરપુર રહે તો ડાંગર મગફળી, તલ, મગ જેવા પાકો થશે અને રવિના પાકના માટે કુવા ભરાશે તો સીઝનનું પાણીની ઘટ નહિવત રહેશે. તે આવનારો સમય કહેશે.

# દાહોદ શહેરમાંથી એકજ દિવસમાં એક સાથે ત્રણ ટુ વ્હીલર ગાડીઓની ચોરી થતાં શહેરમાં ખળભળાટ મચ્યો

દાહોદ,

દાહોદ શહેરમાં છેલ્લા કેટલાંય દિવસોથી મોટરસાઈકલ ચોર ટોળકી સક્રિય બની છે અને ધોળે દિવસથી લઈ રાત્રીના સમયે ખુલેઆમ પોલીસને જાણ પડકાર ફેંકી રહી હોય તેમ બેફામ વાહન ચોરી કરી લઈ નાસી જતાં હોય છે. ત્યારે આ ઘટનાઓ સંદર્ભે દાહોદ શહેરવાસીઓમાં ફફડાટ સાથે આક્રોશની લાગણી પણ જોવા મળી રહી છે. ત્યારે ગત તા.૨૩મી જુલાઈના રોજ એકજ દિવસમાં એક સાથે ત્રણ ટું વ્હીલર વાહનોની ચોરી થતાં દાહોદ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરના ગોદી રોડ ખાતે વસુંધરા પાર્ક સોસાયટી, અગ્રેસન ભવન પાસે બનવા પામ્યો હતો. જેમાં આ વિસ્તારમાં રહેતાં જીતેન્દ્રકુમાર કિશંનલાલ ચૌહાણે પોતાની મોટરસાઈકલ રાત્રીના સમયે લોક મારી પાર્ક કરી હતી. ત્યારે આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં આ સંબંધે જીતેન્દ્રકુમાર કિશંનલાલ ચૌહાણે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેવી જ રીતે ગોદી રોડ વિસ્તારના અંબિકા નગર ખાતે રહેતાં રૂપીન્દરકૌર વિશાલરાવ ભોસલેએ પોતાની એક્ટીવા ટું વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી અને તેઓની એક્ટીવા ટુ વ્હીલર ગાડી પણ રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં રૂપીન્દરકૌર વિશાલરાવ ભોસલે દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે બીજી તરફ દાહોદ તાલુકાના ચંદવાણા ગામે ગામતળ ફળિયામાંથી પણ એક મોટરસાઈકલ ચોરી થઈ હતી. જેમાં ભાવીકકુમાર નટવરભાઈ બામણે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને પણ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં આ સંબંધે ભાવીકકુમાર નટવરભાઈ બામણે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના પાંચવાડા ગામે ઈકો માંથી ૮૭ હજારનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંચવાડા ગામેથી પોલીસે એક ઈક્કો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂના રૂા. ૮૭,૦૪૮ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૧,૮૭,૦૪૮ના મુદ્દામાલ સાથે ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૨૫મી જુલાઈના રોજ ગરબાડા પોલીસને મળેલ બાતમીના આધારે પાંચવાડા ગામે નાકાબંધી કરી આવતાં જતાં વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ઈક્કો ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીના ચાલક મુકેશભાઈ મીઠાભાઈ ઢાપા (રહે. ચિત્રા, આખલોલ જગતનાકા, જિ.ભાવનગર) ની અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૩૬૦ કિંમત રૂા. ૮૭,૦૪૮ અને ગાડીના કિંમત મળી કુલ રૂા. ૧,૮૭,૦૪૮નો મુદ્દામાલ કબજે કરી ગરબાડા પોલીસે ઉપરોક્ત ગાડીના ચાલક વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં યુવા ઉત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાશે

દાહોદ,

જીલ્લા રમતગમત અધિકારીની કચેરી દાહોદ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી યુવા ઉત્સવની સ્પર્ધાઓ ચાલુ વર્ષે પણ યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ૧૫ વર્ષ પુરા કરેલા અને ૨૯ વર્ષ સુધીના વિદ્યાર્થી કોઈપણ યુવક યુવતિઓ યુવા ઉત્સવમાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધાઓમાં ૧૮ ઓનલાઈન અને ૧૫ સ્પર્ધાઓ ઓફલાઈન મોડમાં યોજાશે.

સ્પર્ધામાં ૧૫ થી ૨૯ વર્ષ સુધીનાં વયજુથના સ્પર્ધકો અલગ અલગ અ, બ અને ખુલ્લા વિભાગમાં ભાગ લઈ શકશે. ઓફલાઈન યોજાનાર સ્પર્ધાઓમાં સાહિત્ય વિભાગ, વકતૃત્વ, નિબંધ, પાદપુર્તિ, ગઝલ શાયરી લેખન, કાવ્ય લેખન, દોહા છંદ ચોપાઈ, લોકવાર્તાનો સમાવેશ થાય છે. જયારે કલા વિભાગમાં ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી તેમજ સાંસ્કૃતિક વિભાગમાં લગ્નગીત, હળવું કંઠય સંગીત, લોકવાદ્ય સંગીત, ભજન, સમુહગીત, એકપાત્રીય અભિનયનો સમાવેશ થાય છે.

ઓનલાઈન યોજાનાર સ્પર્ધાઓમાં લોકનૃત્ય, લોકગીત, એકાંકી(હિંદી/અંગ્રેજી), શાસ્ત્રીય કંઠય સંગીત (હિંદુસ્તાની),કર્ણાટકી સંગીત, સીતાર, ફ્લુટ (વાંસળી), તબલા, વીણા, મ્રુદંગમ, હાર્મોનીયમ–હળવુ, ગીટાર, શાસ્ત્રીય નૃત્ય ભરતનાટયમ, શાસ્ત્રીય નૃત્ય મણીપુરી, શાસ્ત્રીય નૃત્ય ઓડીસી, શાસ્ત્રીય નૃત્ય કથ્થક, શાસ્ત્રીય નૃત્ય કુચીપુડી, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા (હિંદી/અંગ્રેજી) નો સમાવેશ થાય છે.

ઓનલાઈન સ્પર્ધાઓની નિયમાનુસારની તારીખ અને સમય દર્શાવતી વિડિયો કલીપની સીડી/પેનડ્રાઈવ બનાવી અત્રેની જીલ્લા રમતગમત અધિકારીની કચેરી જીલ્લા સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંન્સ હોલ, જિલ્લા સેવાસદન કમ્પાઉંડ, છાપરી, દાહોદ ખાતે આગામી તા.૧૦/૦૮/૨૦૨૨ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં જમા કરાવવાની રહેશે.

એક સ્પર્ધક વધુમાં વધુ ચાર સ્પર્ધાઓમા ભાગ લઈ શકશે. કોઈપણ એક જ તાલુકા માંથી ભાગ લેવાનો રહેશે. જે સ્પર્ધકો દ્વારા ફોર્મ ભરેલા હશે તેમને જ આ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. વધુ માહીતી માટે જે તે તાલુકાના કન્વીનર અથવા જિગ્નેશ ડાભી –પ્રાંત યુવા વિકાસ અધિકારી મો.૯૪૨૮૧૩૧૮૫૯ નો સંપર્ક કરવો.

# દાહોદના લીમખેડા ખાતે ઉજ્જવલ ભારત, ઉજ્જવલ ભવિષ્ય કાર્યક્રમ યોજાયો

દાહોદ,

દાહોદના લીમખેડા મોડલ સ્કુલ ખાતે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાની અધ્યક્ષતામાં યોજાયો હતો. ગુજરાત સરકારનાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા આયોજીત આ કાર્યક્રમ વિદ્યુત ક્ષેત્રે થયેલી પ્રગતિ અને વર્ષ ૨૦૪૭ સુધીની અપેક્ષાઓ વિશે મહાનુભાવોએ વાત કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ઊર્જા મંત્રાલયે ગુજરાત સરકારના સહયોગથી વીજળી મહોત્સવનું આયોજન કરાયું છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

તેમણે પાવર સેક્ટરમાં દેશે મેળવેલી મહત્વની સિદ્ધિઓની વાત કરતા જણાવ્યું કે, દેશ વિજળી ક્ષેત્રે એટલો સક્ષમ થઈ ગયો છે કે, હવે પાડોશી દેશોને વીજળીની નિકાસ કરી રહ્યો છે. આ બાબતનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતુત્વને જાય છે. વર્ષ ૨૦૧૪ માં દેશની વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪૮૫૫૪ મેગાવોટ હતી તે વધીને ૪ લાખ મેગાવોટ થઈ છે. જે આપણી માંગ કરતા ૧.૮૫ લાખ મેગાવોટ વધુ છે.

તેમણે એમ પણ ઉમેર્યું કે, દેશમાં ૧.૬૩ લાખ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈન ઉમેરવામાં આવી છે. જેથી કરીને સમગ્ર દેશને એક ફ્રિકવનશી પર ચાલતી એક જ ગ્રીડમાં જોડે છે. લદ્દાખથી કન્યાકુમારી અને કચ્છથી મ્યાનમાર સરહદ સુધી તે વિશ્વની સૌથી મોટી સંકલિત ગ્રીડ તરીકે ઉભરી આવી છે. આ ગ્રીડનો ઉપયોગ કરી દેશના એક ખૂણેથી બીજે ખૂણે ૧.૧૨ લાખ મેગાવોટ વિજળી ટ્રાંન્સમિટ કરી શકીએ છીએ.

તેમણે જણાવ્યું કે, ખેડૂતોથી લઈને નાના મોટા ઉદ્યોગોને વીજળીની જરૂરિયાત રહે છે ત્યારે ઊર્જાએ દેશના વિકાસની પાયાની શરત છે. આ જરૂરિયાતને સારી રીતે પૂર્ણ કરાઈ રહી છે. નાના ગામડાથી લઈને મોટા શહેરોની વીજ જરૂરિયાતનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જણાવ્યું કે, દેશ, રાજ્ય અને જિલ્લામાં વીજળી માટેની માળખાગત સુવિધાઓમાં ધરખમ વધારો થયો છે. તેની સાથે જરૂરી મેઈન્ટેન્સની કામગીરી પણ સારી રીતે નિભાવવામાં આવી રહી છે. વીજળીની અસુવિધા બાબતની ઘણી બાબતો હવે ભૂતકાળ બની છે. રાજયમાં વીજળીના ટ્રાંન્સફરમાં થતો દુર્વ્યય પણ ખૂબ ઓછો છે.

તેમણે જણાવ્યું કે, સૌર ઉર્જાના વપરાશમાં પણ નાગરિકો દ્વારા વધારો થયો છે. સરકાર દ્વારા આ માટે સબસીડી પણ અપાઈ રહી છે. સૌર ઉર્જા વધુ ઉત્પાદિત થઈ હોય તે ઊર્જાને અન્યને પહોંચાડી શકાય છે અને જે તે નાગરિકના ખાતામાં તેનું વળતર જમા થાય છે. તેથી વધુમાં વધુ નાગરિકો સૌર ઉર્જાને અપનાવે.

મધ્યગુજરાત વીજ કંપનીના કાર્યપાલક ઈજનેર પી.એમ. થાનાવાલાએ સ્વાગત પ્રવચન તેમજ નાયબ ઈજનેર એમ.આઈ. નાયકે આભારવિધિ કરી હતી.

કાર્યક્રમમાં સરકારી યોજનાનો લાભ લઈને નવું વીજ કનેકશન મેળવનારા તેમજ પ્રધાનમંત્રી કુસુમ યોજનાના લાભાર્થી નાગરિકોને લાભ અપાયા હતા.

આ વેળાએ ચાર ફિલ્મો વીજ ઉત્પાદનની ક્ષમતામાં વધારો, એક રાષ્ટ્ર એક ગ્રીડ અને અક્ષય ઉર્જા, ગ્રાહક અધિકાર દર્શાવાય હતી. જેને ઉપસ્થિત નાગરિકોએ રસપૂર્વક નિહાળી હતી.

કાર્યક્રમમાં સુર્ય ઉર્જા સંબંધિત તેમજ છેવાડાના ગામ સુધી વીજળી પહોંચવાથી આવેલા બદલાવ વિશેનું નુક્કડ નાટક પણ સુંદર રીતે ભજવવામાં આવ્યું હતું અને પ્રધાનમંત્રી કુસુમ યોજના સહિતની યોજનાઓ વિશે વિગતે માહિતી અપાઈ હતી. નાગરિકોએ તાળીઓના ગડગડાટથી નાટકને વધાવી લીધુ હતું.

મધ્ય ગુજરાત વીજ કંપની લી. તેમજ પાવર ગ્રીડ કંપનીના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સરતનભાઈ ચૌહાણ, મામલતદાર લીમખેડા, અગ્રણી સ્નેહલભાઈ ધરીયા, સી.કે. મેડા, બળવંતભાઈ પટેલ તેમજ મધ્ય ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ, નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆમાં ફુડ સેફ્ટી વિભાગે મીઠા (નમક)ના વેપારીના રેઈડ કરી મીસ બ્રાન્ડેડ પેકેટ જણાતા ૨૦ હજારનો દંડ ફટકાર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરમાં ફુડ સેફ્ટી ઓફિસરની ટીમ દ્વારા શહેરમાં આવેલ એક મીઠા (નમક) ના વેપારીને ત્યાં ઓચિંતી તપાસ હાથ ધરતાં મીઠા (નમક)ના પેકીંગ લઈ તેને પૃથ્થકરણ માટે મોકલતાં રિપોર્ટમાં મીઠાનું પેકેટ મીસ બ્રાન્ડેડ જાહેર થતાં આ કેસ દાહોદના એડચુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર, દાહોદ સુધી પહોંચતાં અધિક કલેક્ટર દ્વારા આ મામલે દેવગઢ બારીઆના વેપારી પેઢીના માલિક અને ઉત્પાદક પેઢી સામે પગલાં લઈ બંન્રે વેપારીઓને કુલ રૂા.૨૦,૦૦૦નો દંડ ફટકારવાનો હુકમ કરતાં દાહોદ જિલ્લામાં ભેળસેળીયા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

ગત તા.૨૬.૦૨.૨૦૧૯ના રોજ દાહોદના ફુડ સેફ્ટી ઓફિસર અને તેમની ટીમ દ્વારા દેવગઢ બારીઆ નગરના ધાનપુર રોડ ખાતે આળેલ આરીફભાઈ બાબુભાઈ મન્સુરીની દુકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. જેમાં ફુડ ઓફિસર દ્વારા દુકાનમાંથી ટમ ટમ આયોડાઈઝડ સોલ્ટનું ૦૧ કિ.ગ્રામ.નું પેકીંગનો નમુનો પૃથ્થકરણ કરાવવા માટે ફુડ એનાલીસ્ટ ભુજને પૃથ્થકરણ માટે મોકલી આપ્યું હતું. જેનો અહેવાલ રિપોર્ટ તારીખ ૦૨.૦૪.૨૦૧૯ના રોજ આવતાં આ અહેવાલ રિપોર્ટમાં ટમ ટમ આયોડાઈઝડ સોલ્ટ મીસ બ્રાન્ડેડ જાહેર કરવામાં આવ્યું હતું. આ પેકીંગ ચામુંડા ઈન્ડસ્ટ્રીઝ, રણ રોડ, ખારાગોડા, મુ.પો. ખારાગોડા, તા.દસાડા, જિ. સુરેન્દ્રનગર દ્વારા પેકીંગ કરવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું હતું. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, લેબલીંગના ધોરણો મુજબ નમુનાના લેબલ ઉપર એફએસએસએઆઈ સીમ્બોલ અને એફએસએસએઆઈ લાયસન્સ નંબર હોવો ફરજીયાત હોવા છતાં દર્શાવવામાં આવેલ ન હોવાનું પણ સામે આવતાં આ સમગ્ર મામલો દાહોદના એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર, દાહોદ પાસે પહોંચતાં નિવાસી અધિક કલેક્ટર દ્વારા દેવગઢ બારીઆ નગરના વેપારી પેઢીના માલિક આરીફભાઈ બાબુભાઈ મન્સુરીને રૂા.૫,૦૦૦ અને સુરેન્દ્ર નગર જિલ્લામાં આવેલ ચામુંડા ઈન્ડસ્ટ્રીઝના ઉત્પાદક પેઢીના માલિક યોગેશ શિવભગવાન પારકીને રૂા.૧૫,૦૦૦નો એમ કુલ મળી બંન્રે વેપારીઓ પાસેથી મળી કુલ રૂા.૨૦,૦૦૦નાં દંડની વસુલાતનો હુકમ કરતાં દાહોદ જિલ્લામાં ચકચાર મચી જવા પામ્યો હતો.

# ઝાલોદના વેલપુરા ગામ પાસે બસને અકસ્માત નડતા એક વ્યકિતને ઈજાઓ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના વેલપુરા ગામ પાસે લુણાવાડા ડેપોની બસ નં–જીજે–૧૮–ઝેડ–૫૦૩૩ને એકાએક અકસ્માત નડતા મુસાફરો ગભરાઈ ગયા હતા.

ઝાલોદ ડેપોમાંથી સવારના સમયે પેસેન્જર ભરીને બસ લુણાવાડા જતી હતી. બસ વેલપુરા ગામેથી પસાર થતાં રસ્તાની બાજુમાં ટ્રેલર ગાડી ઉભેલી હતી અને સામેથી મારૂતિ ગાડી આવતી હોવાથી ડ્રાઈવરે અચાનક બસની બ્રેક મારતા ગાડી રોડ ઉપર વરસાદ પડયો હોવાના કારણે ટાયર સ્લિપ થતાં આગળ ઉભેલ ટ્રકના પાછળના ભાગે અથડાતા બસનો મુખ્ય દરવાજો લોક થઈ ગયો હતો. આ અકસ્માતની ઘટનામાં મુસાફરોને તાત્કાલિક ઈમરજન્સી દરવાજામાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતમાં અરવિંદભાઈ લાલસિંગભાઈ પારગી નામના મુસાફરને ઈજા થતાં ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળ ઉપર દોડી આવી હતી.

# ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં ૨૦ કરોડના ખર્ચે રસ્તાઓની કામગીરી મંજુર કરાઈ

લીમખેડા,

ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં પ્રજાજનોને ઝડપી મુસાફરીની સુવિધા ઉપ્લબ્ધ થાય તે માટે ભાજપના આગેવાનોની માંગણીને ગંભીરતાથી સ્વિકારી દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા ગુજરાત સરકારના માર્ગ અને મકાનમંત્રી પુર્ણેશ મોદીને નવીન રસ્તાઓના નિર્માણ માટે ગ્રાન્ટની ફાળવણી સાથે મંજુરી આપવા રજુઆત કરાતા ખેડા કારઠ ખરસોડ રસ્તો, જુના ચાકલીયાથી ટીંબી ચોકડી, ચાકલીયા ઘુઘરદેવ મહાદેવ મંદિર રસ્તો, રળિયાતી ગુર્જરથી આમળા ફળિયા, ધાવડિયા ભુરી ઘાટીથી ગરાડુ, કદવાલથી પાણીવેડ, વાકોલથી ખારાપાણી, થેરકા ગામતળાવ વાદી ફળિયા, ઝાલાઈ માતા સ્મશાન, ખરવાનીથી કલસવા ફળિયા, થેરકી બાંદી ફળિયા, સુરપળી સારમારીયા પ્રા.શાળા, તેતરિયા કાકરાકુવા, ખાખરીયા પેથાપુર, જેતપુર, દાંતગઢ, ગરાડુ વખતપુર, ડુંગરી, ખરવાની વગેલા પેથાપુર, ટીમાચી, રામપુરાના રસ્તા સહિત કુલ ૨૦ કરોડના ખર્ચે ૨૧ રસ્તાઓ મંજુર કરાયા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.284

## ધંધુકા અને બોટાદ તાલુકામાં ઝેરી દારૂ પીવાથી ૩૬ લોકોના મોતની ઘટના બાદ

# પંચમહાલ જીલ્લા અને ગોધરામાં ચાલતી દેશી દારૂની હાટડીઓ ઉપર પોલીસ કાર્યવાહી કરશે ખરી...???



ગોધરા શહેરમાં વિવિધ વિસ્તારોમાં દેશી દારૂની હાટડીઓ ધમધમે છે. તેવા વિસ્તારોમાં ધાનકાવાડ, પંચાલ હોસ્પિટલ વિસ્તાર, ભોઈવાડ, નારી કેન્દ્ર પાછળ, ખાડી ફળીયા, ડોકપા ફળીયા, વાગડીયાવાસ, પાવર હાઉસ, સ્ટેશન રોડ અનેક જગ્યાએ રોજનો હજારો લીટર દારૂ વેચાય છે. શહેરને અડીને આવેલ ગ્રામ્ય વિસ્તારો વાવડી બુઝર્ગ, ધોળાકુવા, મુવાડી, ભેખડીયા, મહુલીયા જેવા ગામો દેશી દારૂના અડ્ડા આવેલ છે. આ દેશી દારૂના અડ્ડાઓથી પોલીસ તંત્ર અજાણ હોય તેવું માની શકાય ખરું...?

- પંચમહાલમાં અવારનવાર ઈંગ્લીશ દારૂનો જથ્થો પકડી સંતોષ માનતી પોલીસ.
- દેશી દારૂના અડ્ડાઓ બંધ કરાવે તે જરૂરી.
- ગોધરા બસ સ્ટેશન થી પથ્થર તલાવડી વિસ્તારમાં અંદાજીત ૧૦૦ ઉપરાંત દેશી દારૂના અડ્ડાઓ.

ગોધરા,

ગુજરાતના ધંધુકા અને બોટાડ તાલુકામાં ઝેરી દારૂ પીવાને લઈને ૨૭ લોકોના મોત નિપજાવા પામ્યા છે અને હજી અનેક લોકો સારવાર હેઠળ દવાખાનાઓમાં દાખલ થયેલ છે. એક તરફ દારૂબંધીની વાતો થતી હોય તેની વચ્ચે ઝેરી દારૂને લઈ ૩૭ લોકોના મોતની ઘટના થી રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ગુજરાતમાં ઝેરી દારૂ પીવાથી મોતની ઘટના પ્રથમ નથી તેમ છતાં સરકાર તેની ઉપર લગામ કસવામાં નાકામ સાબિત થઈ રહી છે.

પંચમહાલ જીલ્લામાં ખુલ્લેઆમ દેશી દારૂની હાટડીઓ ચાલતી હોય છે પરંતુ પોલીસ તંત્ર આવા દેશી દારૂની હાટડીઓ ઉપર રેઈડ કરીને બંધ કરવામાં રસ દાખવી રહી નથી. જેને લઈ જીલ્લામાં દેશી દારૂ પીવાને લઈ અનેક વ્યકિતઓ રોજ જીવ ગુમાવી રહ્યા છે. ગોધરા શહેરની વાત કરીએ તો શહેરની મધ્યમાં એટલે બસ સ્ટેશન ધાનકાવાડ, પથ્થર તલાવડી, નારી કેન્દ્ર સુધીના વિસ્તારમાં અંદાજીત ૧૦૦ જેટલા દેશી દારૂના અડ્ડા આવેલ છે અને આ વિસ્તારોમાં દેશી દારૂ પી ને છટકા બનેલ અનેક લોકો નજરે પડતા નથી. પોલીસ વિભાગ ઈંગ્લીશ દારૂનો જથ્થો અવરનવાર પકડીને સંતોષ માની લેતું હોય છે. સાચા અર્થમાં દેશી દારૂ થી અનેક લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. દેશી દારૂથી થતા મોતથી માત્ર દારૂ પીનાર નહી પરંતુ આવા પરિવાર લાચાર બની રહ્યો છે. દેશી દારૂની હાટડીઓ શહેરમાં અન્ય વિસ્તારોમાં ખુલ્લે આમ ધમધમી રહી છે. તેવા વિસ્તારોમાં ખાડી ફળીયા, ડોડપા ફળીયા, વાગડીયાવાસ, પાવર હાઉસ શહેર નજીક આવેલ ગ્રામ્ય વિસ્તારો ભેખડીયા, મહુલીયા, બામરોલી ગામ, ઠગાવાડા જેવા ગામોમાં મેશરી નદીના પટમાં દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમી રહી છે અને આ ભઠ્ઠીઓ ઉપર થી શહેરના દારૂના અડ્ડા ઉપર હજારો લીટર દારૂ ઠલવાઈ રહ્યો છે. પંચમહાલ પોલીસ દ્વારા દેશી દારૂના અડ્ડાઓ ઉપર રેઈડ કરી એક–બે લીટર દારૂ પકડીને કેશ કરી સંતોષ વ્યકત કરે છે. પરંતુ જો આવા દેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસ કાર્યવાહી કરીને બંધ કરાવે તો અનેક પરિવારો દારૂના વ્યસનને લઈ નોંધારા બનતા અટકી શકે છે. રાજ્યમાં ધંધુકા અને બોટાદ તાલુકામાં ઝેરી દેશી દારૂ પીવાને લઈ ૩૭ જેટલા લોકોના મોત નિપજાવા પામ્યા છે. ત્યારે આવા બનાવ ભવિષ્યમાં પંચમહાલ જીલ્લા કે ગોધરા શહેરમાં બને તે પહેલા પોલીસ દ્વારા આવા દેશી દારૂના અડ્ડાઓને બંધ કરવામાં રસ દાખવે તે જરૂરી છે. હાલમાં બોટાદ અને ધંધુબામાં ઝેરી દારૂ પીવાથી મોતની ઘટના બાદ પોલીસ તંત્ર ઉપર આવી દેશી દારૂની હાટડીઓ ઉપર કાર્યવાહી ન કરવા માછલા ધોવાઈ રહ્યા છે. આવી સ્થિતીનો સામનો કરવો પડે તે પહેલા ગોધરા સહિત જીલ્લામાં દેશી દારૂના અડ્ડાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી...?

## હાલોલના કાશીપુરા પ્રાથમિક શાળાનું મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના હસ્તે લોકાર્પણ




ગોધરા,

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના તરખંડા ખાતે રાજ્ય કક્ષાના મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો)ના હસ્તે વિન્ડાર રીન્યુએબલ એનર્જી પ્રાઈવેટ લી.ના સૌજન્યથી તૈયાર થયેલ નવનિર્મિત કાશીપુરા પ્રાથમિક શાળાનું દીપ પ્રાગટ્ય કરીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાથમિક શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરીને ઉપસ્થિતોનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ વિન્ડાર રીન્યુએબલ એનર્જી પ્રાઈવેટ લી. ના એમ.ડીને એક સારા સંકુલ માટે રાજ્ય સરકાર વતી ઋણ સ્વીકાર પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. આ સાથે તેમણે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમા વિવિધ નિર્ણયો લઈને શ્રેષ્ઠ શિક્ષણ પૂરૂં પાડવા અનેક પહેલો કરી છે. આજે કન્યાકેળવણી, શાળા પ્રવેશોત્સવ દ્વારા દીકરીઓને અભ્યાસ માટે સરકારએ અભિગમ અપનાવ્યો છે. જેના થકી આજે દેશના ઉચ્ચ વિભાગો પર મહિલાઓ કાર્યવંતીત થઈ છે. આજે ૨૧ મી સદી ભારતની છે. દુનિયાની સાથે કદમ મિલાવવા માટે આજના ટેકનોલોજીના સમયમાં ભણતર મહત્વનું છે. વિદ્યાર્થીઓ માટે જેમ શિક્ષકોની જવાબદારી છે. તેમ દરેક માતાપિતાની પણ એટલી જ જવાબદારી છે કે, પોતાનું બાળક સારૂં શિક્ષણ મેળવે.

તેમણે રાજ્ય સરકારની શિક્ષણ પ્રત્યે ઉપલબ્ધિઓ વિશે જણાવતા કહ્યું કે, પ્રવર્તમાન રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ માટે ૩૩ હજાર ઓરડાઓ મંજૂર કરવામાં આવ્યા છે. આજે ખાનગી શાળાઓમાંથી ચાર લાખ વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે પ્રવેશ્યા છે. તેમણે નારી શક્તિને સલામ કરતા કહ્યું કે બહેનોએ આજે દેશને ગૌરવ અપાવ્યું છે.

અહી નોંધનીય છે કે, આ કંપની દ્વારા હાલોલ તલોકામાં આ ત્રીજી શાળા બનાવી છે. જેમાં લાઈબ્રેરી, શાળાના ઓરડા, મધ્યાન ભોજન રૂમ, ગાર્ડન,આર ઓ પ્લાન્ટ, શેડ અને શાળા ફરતે કોટ ફક્ત ત્રણ મહિનાના ટુંકા ગાળામાં બનાવ્યું છે.

આજના આ પ્રસંગે વિન્ડાર રીન્યુએબલ એનર્જી પ્રાઈવેટ લી. ના એમ.ડી અને સ્પેનના વતની ઓર્લેન્ડો અલોંસો, સી.ઈ.ઓ કે.ભારતી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વી.એમ પટેલ, પ્રાંત અધિકારી, શિક્ષકઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામલોકો હાજર રહ્યા હતા.

## કેરલા થી પગપાળા ચાલી મક્કા હજ યાત્રા એ જતા સિંહાબ ચત્તુરનું કાલોલ વેજલપુર અને ગોધરામાં ભવ્ય સ્વાગત


તસ્વીર : નુર બાલા, વેજલપુર

ગોધરા,

હાલ આધુનિક યુગમાં બસ ટ્રેન વિમાન જેવી તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે ત્યારે કેરલા નો યુવાન સિંહાબ ચત્તુર ૧૪૦૦ વર્ષ જૂની પરંપરા ને ફરી તાજા કરતા પુરા વલ્ડમાં હાહાકાર મચાવી દીધી છે. ૨ જૂન ના રોજ પોતાનો વતન અને પરિવાર છોડીને પગ પાળા હજ યાત્રા કરવા નીકળેલ યુવાન પંચમહાલ જિલ્લામાં આવેલ કાલોલ વેજલપુર અને ગોધરા આવી પોહચતા તેઓને જોવા માટે હાઈવે ઉપર જનમેદની ઉમટી પડી હતી અને તેઓ સાથે કાલોલ થી ગોધરા સુધી પગ પાળા ચાલીને ગોધરા સુધી આવિયા પોહચીયા હતા હાઈવે ઉપર પાંચ થી છો કિલોમીટર સુધી ચક્કા જામ થયા હતા અને સિંહાબનું મુસ્લિમ સમાજે એ ભવ્ય સ્વાગત કર્યું હતું અને હજ યાત્રા સફળ થાય તેવી દુઆઓ કરાઈ હતી વેજલપુરમાં સિંહાબની એક ઝલક જોવા માટે અનેક સમાજના લોક ટોળા ઉમટી પડ્યા.

મક્કા મદિનામાં હજમાં જવુએ દરેક મુસ્લિમ બિરાદરની ઈચ્છા હોય છે. પણ તે ઈચ્છા દરેકની પુરી થઈ શકતી નથી. પણ કેરલાના એક યુવાન શિહાબ ચોતુર ૧૪૦૦ વર્ષ પુરાણી પરંપરાની યાદ તાજી કરાવી સિંહાબ મક્કા મદિના ચાલતા જવાનો નિર્ણયને ભારે આવકાર મળી રહયો છે. આ યુવાન ૨ જુને કેરાલામાથી નીકળ્યો હતો. અને વિવિધ રાજયોમાંથી પગપાળા ચાલીને ગુજરાતમાં પહોચતા ઉત્સાહ ભેર સ્વાગત કર્યુ હતુ. અને પંચમહાલમા આવી પહોચતા મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતુ. વેજલપુર ખાતે સિંહાબ આવી પહોચતા કાલોલ તેમજ વેજલપુરના મુસ્લિમો દ્વારા હજ માટે આટલી મોટી પગપાળા યાત્રા સફળ થાય તેવી દુઆઓ કરી હતી સિંહાબને પોલીસ સુરક્ષા પણ આપવામા આવી હતી. અને આમ સોમવારના સાંજે સાત વાગ્યાના અરસામાં વેજલપુર આવી પોહચ્યા હતા અને આમ અપીલ કરતા સિંહાબ જણાવ્યું હતું કે મારે હજારો કિલોમીટરનો સફર કરવાનો છે માટે રસ્તામાં મારા સમયની સાથે દૂર થી મારા માટે દુવા કરો અને પ્રશાસનને પણ સ્પોટ કરવાનું જણાવ્યું હતું. અને આમ વેજલપુર થી આગળ જવા રવાના થયા હતા. તેઓ વાઘા બોર્ડરથી પાકિસ્તાનમાં પ્રવેશી ઈરાન, ઈરાક, કુવૈત થઈ સાઉદી અરબિયાથી મક્કા પહોચશે સિંહાબની આટલી મોટી મકકા સુધી પગપાળા હજયાત્રામાં જતા સિહાબ ચોતુરના સ્વાગતના વિડિઓ સોશિયલ મીડિયામાં પણ વાઈરલ થયા છે.

## ગોધરા ખાતે રોટરી ક્લબ ગોધરાનો ૭૬ મો પદગ્રહણ સમારોહ યોજાયો



ગોધરા,

તાજેતરમાં રોટરી કલબ ગોધરાનો ૭૬મો પદગ્રહણ સમારોહ લક્ઝરા હોટલ ખાતે યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડીસ્ટ્રીક ૩૦૪૦ ના ગવર્નર રોટ. જીતેન્દ્ર જૈન સાહેબ ગવર્નર (ઈલેક્ટેડ) રોટે. રીતુ ગ્રોવરજી તેમજ અતિથિ વિશેષ તરીકે રોટે. શાંતિલાલ પટેલ (AG Zone:-) ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં વર્ષ ૨૦૨૨–૨૩ના પ્રમુખ રોટે. શિલ્પા પરીખ, સચિવઃ–રોટે. કાલિન્દીબેન વેદાંતી અને ખજાનજી તરીકે રોટે.ભવાની શંકર ત્રિપાઠીએ નવા વર્ષ માટે રોટરી ક્લબ ગોધરાનો કાર્યભાર સંભાળ્યો હતો. આ સમારોહમાં ગત વર્ષના પ્રમુખ રોટે.ડો. અપૂર્વ પાઠકે સ્વાગત પ્રવચન કર્યું હતું. જાણીતા કલાકાર ગોપાલભાઈ પટેલે પ્રાર્થના પ્રસ્તુત કરી હતી. આઈઆઈપી રોટે. અરવિંદસિંહ બારીઆએ ગત વર્ષની પ્રવૃત્તિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. સંસ્થાના પ્રમુખ અને મંત્રીની સાથે બી ઓ ડી અને વિવિધ ચેર પર્સને પોતાના હોદ્દાના સપથ લીધા હતા. જેમાં આઈ આઈ પી તરીકે રોટે.ડો. અપૂર્વ પાઠક, વાઈસ પ્રેસિડેન્ટ તરીકે રોટે. નરેશ સેવાણી, એકસિકપુટીવ સેકે તરીકે રોટે.સમીર એર આમ્સ તરીકે રોટે.અરવિંદસિંહ સીસોદીયા અને રોટે. મહેશ રાઠવાએ પદભાર ગ્રહણ કર્યો હતો. બીઓડી તરીકે રોટે.ઉદય વેદાંતી, રોટે. અરવિંદસિંહ બારીઆ, રોટે ડો.જે.એન.શાસ્ત્રી, રોટે.પ્રકાશ દીક્ષિત, રોટે.અમીત દવે, રોટે. જોગેન્દર કાલરા, રોટે.રમેશ સુંદેશા, રોટે.રાજેશભાઇ રાવલ, રોટે. ભરતભાઇ મહેતા, રોટે. અરવિંદસિંહ સીસોદીયા, રોટે.નીરજ શાહ, રોટે. હિતેશ ભટ્ટ રોટે.યાકુબ ભટુક, રોટે.પરમિલ પાઠક તથા વિવિધ ચેર પર્સન તરીકે રોટ. અમિત દવે, રોટે.અરવિંદસિંહ સીસોદીયા રોટે. સમીર પરીખ. રોટે.જોગેન્દર કાલરા, રોટે. અરવિંદસિંહ બારીઆની વરણી કરવામાં આવી હતી. ઈન્સ્ટોલેશન્સ ઓફિસ રોટે. રીતુ ગ્રોવરે રોટરી કલબ ગોધરાના હોદ્દેદારો બી ઓ ડી અને ચેર પર્સનને શપથ ગ્રહણ કરાવ્યા હતા. પ્રાસંગિક ઉદ્દબોધન એ.જી.રોટે. શાંતિલાલ પટેલે કર્યું હતું. જ્યારે ડી.જી રોટે જીતેન્દ્ર જૈન રોટરી ક્લબ ગોધરાની ભવ્ય કામગીરીને બીરદાવી રોટરી ક્લબની પરંપરાથી સૌને વાકીફ કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો તેમજ આમંત્રિતોએ રોટરી ક્લબના પ્રમુખ મંત્રી અને ખજાનચીને શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત મહેમાનોનું પ્રમુખ અને મંત્રીએ રોટરી ખેસ, શુભેચ્છા પ્રતીક, પુષ્પગુચ્છ અને ડાયરી આપીને અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું તમામ સંચાલન.રોટે ડો. જે.એન શાસ્ત્રીએ કર્યું હતું. તેમજ આભાર વિધિ રોટરી કલબ ગોધરાના સચિવ કાલિન્દીબેન વેદાંતીએ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રોટરી કલબ હાલોલ,રોટરી ક્લબ દાહોદ, રોટરી ક્લબ ડાયમન્ડ, રોટરી ક્લબ ડેરોલ સ્ટેશનના પ્રમુખ મંત્રી અને ક્લબ સભ્યોનું રોટરી ખેસ તેમજ પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું. સમાંરોહના અંતે રાષ્ટ્રગીતનું ગાન કરી અને સૌએ પ્રીતિ ભોજનને ન્યાય આપ્યો હતો.

## શહેરા ખાતે નોંધાયેલ ગૌવંશ કાપવાના અને વેચવાના ગુન્હામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી નામંજૂર કરવામાં આવી

શહેરા,

શહેરા ખાતે તા.૧૧/૦૭/૨૦૨૨ ના રોજ ગૌવંશની જાહેરમાં કુરતા પૂર્વક હત્યા કરવામાં આવી રહી છે તેવી બાતમી શહેરા પોલીસને મળતા શહેરા પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરતાં ગૌમાંસ તથા જીવતા ગૌવંશ મળી આવેલા જે અંગે શહેરા પોલીસ દ્વારા ગુન્હો નોંધી આરોપીઓને અટક કરવામાં આવેલા જે પૈકી આરોપી ઉમેર કાસમ શહેરીયા દ્વારા પંચમહાલ જિલ્લાના મહેરબાન પ્રિન્સીપલ ડીસટીકટ અને સેસનસ જજ જે.સી. દોશી સાહેબની કોર્ટમાં દાખલ કરતાં જામીન અરજીની સુનાવણી થતાં નામદાર કોર્ટ દ્વારા પોલીસના કાગળો તથા સરકારી વકીલની વિગતવારની દલીલોને દયાનમાં રાખીને આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## શિવરાજપુર પાસે ઢાઢર નદી પર બનાવેલ બ્રિજના માર્ગ ઉપર તિરાડ અને ગાબડાઓ પડ્યા

જાંબુઘોડા,

હાલોલ–બોડેલી નેશનલ હાઈવે ઉપર આવેલ શિવરાજપુર ગામ નજીકથી પસાર થતી ઢાઢર નદી પરના સ્ટેટ સમયે બનાવવામાં આવેલ બ્રિજ ઉપરના માર્ગમાં તિરાડો સહિત મોટામોટા ગાબડા પડતા બ્રિજના પાયામાં પાણી ઉતરતા નુકસાન થવાની ભિતી સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ–બોડેલી નેશનલ હાઈવે ઉપરના શિવરાજપુર ગામ પાસેથી પસાર થતી ઢાઢર નદી પર સ્ટેટ સમયે બનાવવામાં આવેલ બ્રિજ ઉપરના રોડમાં ભારે ભંગાણ થતાં બ્રિજની હાલત જર્જરિત થવા પામી છે. ત્યારે બ્રિજના સ્લેપની તિરાડો મોટી થતાં તેમાં પાણી ઉતરી રહ્યુ છે. જે આ બ્રિજના પાયાને નુકસાન થવાની ભિતી સેવાઈ રહી છે. તો અહિંથી પસાર થતાં વાહન ચાલકોને પણ જોખમ વધી રહ્યુ છે. સ્ટેટ સમયે બનાવવામાં આવેલ બ્રિજના પાયા તેમજ સ્ટ્રકચર સલામત છે, પરંતુ ઉપરના રોડની હાલત જર્જરિત થઈ છે. આ રોડ ઉપર રોજના હજારો વાહનોની અવર જવર રહે છે. અને તેણે લઈ અનેક મોટરસાયકલ ચાલકો તેમજ મોટા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેથી રોડનુ રિપેરીંગ કામ કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ઘોઘંબા પાલ્લી રોડ ચોકડી પાસે દુકાન પાછળ જુગાર રમતા જુગારીયા ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પાલ્લી રોડ ચોકડી પાસે દુકાન પાછળના ભાગે કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬ ઈસમોને ૪૧,૦૧૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપ્યા.

વિસ્તૃત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના પાલ્લી રોડ ચોકડી પાસે નરેન્દ્રસિંહ ગોહિલ દુકાનની પાછળ જુગાર રમી અને રમાડતા હોય તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી જુગાર રમતા ધર્મેશ રમેશભાઈ પટેલ, કનુભાઈ બારીયા, દિપક રામસીંગભાઈ પરમાર, ગોપાલ કિશોરભાઈ પટેલ, સંજય ઉર્ફે કાળીયો ઓડ, સાદ્દીક અબ્દુલ શેખને ઝડપી પાડી અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રોકડ મળી ૪૧,૦૧૦/–રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

## શહેરાના પોયડા ટેકરા ફળીયામાં માર્ગ ઉપર પાણી ભરાઈ જતાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ પરેશાન


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના પોયડા ગામમાં ટેકરા ફળિયા પાસે પસાર થતા માર્ગ ઉપર એક ફૂટ કરતા વધુ પાણી ભરાઈ રહેતા હોવાથી ગ્રામજનો અને શાળામાં જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.ગામના માર્ગો ઉપર કાદવ કિચડ તેમજ ખાડાઓમાં ગંદુ પાણી ભરાઈ રહેતા મચ્છરનો ઉપદ્રવ વધતા ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

શહેરા તાલુકાના પોયડા ગામની વસ્તી અંદાજિત ત્રણ હજારની આસપાસ છે. આ ગામના ટેકરા ફળિયા પાસેથી પસાર થતા માર્ગ ઉપર પાછલા કેટલાક દિવસોથી એક ફૂટ કરતા વધુ પાણી ભરાઈ રહેતા શાળામાં અભ્યાસ અર્થે જતા બાળકો અને ગ્રામજનો ને ભારે તકલીફ પડતી હોય છે. આ ગામમાં આવેલા વણકર ફળિયા, જુલિયા ફળિયા તેમજ અન્ય વિસ્તારના લોકોની અવર જવર આ માર્ગ ઉપરથી રહેતી હોવા છતાં સબંધિત તંત્ર દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં નહિ આવતા સ્થાનિક ગ્રામજનો માટે આ સમસ્યા માંથાના દુઃખાવા સમાન બની રહી છે. ભાથીજી મંદિરથી ખરોલી તેમજ તરસંગ તરફ જતા માર્ગ ઉપર કાદવ કિચડ હોવાથી બાઈક ચાલકોને પસાર થવામાં ભારે તકલીફ પડતી હોવા સાથે અકસ્માત થવાનો ડર પણ રહેતો હોય છે. ગામ અવર જવરના માર્ગ ઉપર તેમજ ખુલ્લી જગ્યામાં ગંદુ પાણી ભરાઈ રહેતા હોય તેના કારણે મચ્છરનો ઉપદ્રવ વધતા સ્થાનિક ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. અહી રોગચાળો ફેલાય તે પહેલાં આરોગ્ય વિભાગ અહીની મુલાકાત લઈને દવાનો છંટકાવ આ ગામના વિવિધ વિસ્તારોમાં કરવામાં તે પણ જરૂરી હોવાનું હાલની પરિસ્થિતિને જોતા જરૂરી હોવાનું લાગી રહયું છે.

## પંચમહાલ તાલુકા કક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતીમેળા અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનાર ગોધરા ખાતે યોજાશે

ગોધરા,

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ દ્વારા તારીખઃ૨૭–૦૭–૨૦૨૨ એ સવારે ૧૦:૦૦ કલાકે નીલકંઠ કોલેજ, કાલોલ તથા ૨૯–૦૭–૨૦૨૨ એ સવારે ૧૦:૦૦ કલાકે ધી કૃષિકાર માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા.મોરવા હડફમાં મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે તાલુકા કક્ષાના ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરેલ છે.

જેમાં ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગાર લક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. તેમજ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધોરણ.૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ (તમામ ટ્રેડ), ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન–અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્ર માં રોજગારીની તક આપવામાં આવશે.

આ ભરતી મેળામાં પંચમહાલ, વડોદરા જીલ્લાના નોકરીદાતા દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ તેમજ લાયકાત અને અનુભવ મુજબની સેલ્સ, ઓફીસ એક્ઝીક્યુટીવ, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, ટ્રેની, હેલ્પરની જગ્યાઓ માટે નોકરીદાતા દ્વારા ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવેલ છે.



ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એન.એ.પટેલ સાયન્સ કોલેજ કાંકણપુરખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૬-૭-૨૦૨૨ના રોજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના આચાર્ય પ્રાધ્યાપક કશ્યપ મહેતા, પ્રોગ્રામના કોડિનેટર પ્રાધ્યાપક અરૂણા બારીયા, ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ માંથી પ્રાધ્યાપક ધવલ ખાંટ, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ માંથી ડો.તરૂણ પારંગી, પ્રાધ્યાપક સાક્ષી ઠાકોર, પ્રાધ્યાપક પરેશ સોલંકી, પ્રાધ્યાપક અર્પિતા પટેલ, લાયબ્રેરી વિભાગમાંથી રાઠવા રેખાબેન અને વિદ્યાર્થીઓ પણ ઉત્સાહભેર આ પ્રોગ્રામમાં જોડાયા હતા. આ પ્રોગ્રામમાં આંબો, પીપળો, આસોપાલવ, જામફળી, નીલગીરી, જાસૂદ જેવા અનેક સારા છોડ વાવવામાં આવ્યા હતા. જેથી કુદરતી વાતાવરણ વધારે સૌંદર્યમય બને અને એની ઉર્જા આપણને મળે તેવું કુદરતી અને ભગવાનને ગમે તેવા સુંદર કાર્યનું આયોજન થયું હતું. કોલેજનાં મેનેજીંગ ટ્રસ્ટી મૌલીન શાહ એ કોલેજનાં સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉત્સાહ વધાર્યો.